ૐ શ્રી ગણેશાય નમઃ ૐ શ્રી હાટકેશામ્બિકાભ્યામ્ નમઃ

# શ્રી વડનગરા નાગર મંડળ – મુંબઈ


રજિ. ઓઃ એ/૫૮, મણિનાગર નિવાસ, પન્નાલાલ ટેરેસીસ, ગ્રાન્ટ રોડ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૦૭

Website : www.shrivadnagaranagar.org


SVNM

# નાગર મંજૂષા

## (વિશેષાંક)

आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

(અમને સર્વ દિશાઓથી ઉત્તમ વિચારો પ્રાપ્ત થાઓ)


ઑગસ્ટ ૨૦૧૪






FOR PRIVATE CIRCULATION ONLY

Correspondence address: C/o Shri R. N. Rana, A-2/1, Manav Kalyan CHS Ltd., Bangur Nagur, Goregaon (West), Mumbai 400 104

e-mail : editor@shrivadnagaranagar.org


Shiv Parvati

# અનુક્રમ


| | | |
|---|---|---|
| ૧ | પ્રમુખ સ્થાનેથી | ૦૧ |
| ૨ | તંત્રીસ્થાનેથી | ૦૨ |
| ૩ | નાગરોનાં ગોત્ર | ૦૨ |
| ૪ | પુત્રનાં લક્ષણ પારણામાંથી | ૦૫ |
| ૫ | નાગર સ્ત્રીની લાક્ષણિકતા | ૦૭ |
| ૬ | નાગર વિશિષ્ટતા | ૦૯ |
| ૭ | નાગરોપનિષદ | ૧૦ |
| ૮ | પરંપરાગત શબ્દો | ૧૧ |
| ૯ | નાગર સ્વભાવની લાક્ષણિકતાઓ | ૧૨ |
| ૧૦ | ના–ગ–ર | ૧૩ |
| ૧૧ | કૃષ્ણસખા દયારામ | ૧૪ |
| ૧૨ | સૌરાષ્ટ્રમાં નાગરોના પણ પાળિયા છે. | ૧૫ |
| ૧૩ | નાગરોનો ઇતિહાસ અને સંસ્કૃતિ | ૧૭ |
| ૧૪ | ચાર પ્રકારના હાટકેશ્વર મંદિર | ૨૩ |



**નાગર મંજૂષા ટીમ**

રવીન્દ્ર રાણા, ભદ્રાયુ વૈષ્ણવ

નેહા યાજ્ઞિક, દીના વચ્છરાજાની, સુહાની દિક્ષીત

## પ્રમુખ સ્થાનેથી

નાગર મંજૂષાનો વિશેષાંક.....

આ ખાસ અંક જ્યારે પ્રસિદ્ધ થાય છે ત્યારે પ્રમુખ તરીકે જરૂર લખવાની ઈચ્છા થાય એ સ્વાભાવિક છે. આપણે સંત નરસિંહ મહેતાના વંશજ – નાગર – વડનગરા અને નાગર બ્રાહ્મણ વિશે, નાગરોત્પત્તિ, ષોડશ સંસ્કાર, નાગરોનો સંસ્કારવારસો, નાગરોની ગૌરવ, ગાથા, લગ્ન અને આનુષંગિક પ્રસંગાવલિ, નાગરની અસ્મિતા અને એવાં કંઈક લખાણો વાંચ્યા જ હશે.

આટલું અખૂટ અને સમૃધ્ધ નાગરનું સાહિત્ય છતાં આપણી નાગર જ્ઞાતિ ક્ષીણ થતી હોય તેવું નથી જણાતું? આપણે નાગર સાહિત્યથી અજાણ નથી – અજ્ઞાત નથી, તો જ્ઞાતિનું ઓછાપણું કેમ કરીને અનુભવાય છે ? આ પ્રશ્ન મને તો અવશ્ય ચિંતાજનક જણાય છે.

ગંગોત્રીને અનેક નદીઓના ઉદ્‌ભવસ્થાનમાં સર્વશ્રેષ્ઠ ગણવામાં આવે છે ! આવી જ રીતે હું મારી વડ નાગર જ્ઞાતિને ગંગોત્રી સમાન લેખું છું, જે મારું ઉદ્‌ભવસ્થાન છે. આજે ઇતર જ્ઞાતિઓનો સમાજ પણ આપણી નાગર જ્ઞાતિની કન્યાને પસંદ કરે તેનું શ્રેય આપણા સમાજને જ છેને !

આટલી ગૌરવાન્વિત જ્ઞાતિ – ગંગોત્રી સમાન પૂજનીય ઉદ્‌ભવસ્થાન છતાં પણ ક્ષીણપતાની લાગણી વારંવાર મારા હૃદયને વ્યથિત કરે છે. આપનું હૃદય પણ એવું જ અનુભવતું હશે એ નિ:શંક છે.

મારા આઠ નવ વર્ષના શ્રી મંડળના અનુભવથી જાણ્યું કે શ્રી વડનગરા નાગર મંડળનો કોઈ પણ કાર્યક્રમ હોય કે સમારંભ, યુવાનોની ઉણપ વરતાય જ. આપણા સમારંભમાં સરેરાશ પંચાવનથી ઓછી વય નહી હોય. ત્રણ–ચાર વર્ષના બાળકો થી લઈને પચ્ચીસ વર્ષના યુવાનો મંડળના કાર્યક્રમમાં લગભગ ગેરહાજર રહે છે.

આ વસ્તુસ્થિતિને માટે હું કોઈને દોષ દેવા નથી માગતો પરંતુ બદલતા જમાના સાથે આપણા સંસ્કાર વારસાને લુપ્ત તો ન થવા દેવાયને ! યુવાનોની ગેર હાજરીની શું સમસ્યા હોઈ શકે ? પસંદગી– નાપસંદગી કદાચ આગતાસ્વાગતા જૂનવાણી જણાતી હોય, કદાચ પિરસાતી વાનગી નાપસંદ હોય, ડિસ્કોની ઊણપ જણાતી હોય? મિત્રો ! તમારી હાજરી વિના તમારી પસંદ કેમ જાણી શકાય?

છેલ્લી એક શતાબ્દીથી શ્રી મંડળ જ્ઞાતિ જનની સેવામાં ખાસ કરીને વૈદકીય અને શિક્ષણ માટે અવિરત સેવા આપી રહી છે. અત્યારે જરૂર છે કુટુંબને દત્તક લેવાની! આપણી જ્ઞાતિમાં એવા કુટુંબો છે જેને સવાર પડતાં જ પેટ નો ખાડો પુરવાની સમસ્યા તૈયાર જ હોય છે ત્યાં શિક્ષણ ાનું તો પુછવુજ શું ?

તમે જયાં હશો ત્યાં સમસ્યા તો રહેવાની જ. સમસ્યા અને જીવન એકબીજાનાં પર્યાય છે. યુવાનો, હવે સમય છે જ્ઞાતિ તેમજ જ્ઞાતિની સંસ્થાઓની ધુરા સંભાળવાનો. લોકો કહ્યા કરે છે યુવાનોને સોંપી દો પરતું આંધળુકિયો કૂદકો તો નજ મરાય ને ?

જ્ઞાતિના વડીલોને, માતાપિતાને, ભાઈ – બહેન સમાન મિત્રોને મારી નમ્ર વિનંતી છે કે બાળકોને જ્ઞાતિ પ્રત્યે આકર્ષે અને પ્રેમભર્યો આગ્રાહ કરીને શ્રી મંડળના કાર્યક્રમમાં સાથે લાવે. હાલના સમયમાં આપણી જ્ઞાતિના ઘણા લોકો બે પાંદડે થયા છે તેમજ યુવાન દાતાઓ પણ મંડળને મળ્યા છે એટલે આર્થિક સમસ્યાનો કોઈ સવાલ હોય તેવું હું માનતો નથી.

યુવાનો આવો, તમે જ આપણું વર્તમાન અને ભવિષ્ય છો!

**રવીન્દ્ર રાણા**

## તંત્રીસ્થાનેથી

નાગર એ જ્ઞાતિવાચક શબ્દ નથી સંસ્કાર, સંસ્કૃતિવાચક શબ્દ છે. પછી જ્ઞાતિનો ભાવ તેમાં ગૌણ બની જાય છે. કાંઈક આ જ અર્થમાં તુલસીદાસે રામચરિત માનસમાં અને મીરાંબાઈએ પોતાનાં ભક્તિગીતોમાં નાગરનો ઉલ્લેખ કર્યો છે. આ શબ્દો લીધા છે શ્રી કિરીટ બક્ષીના પુસ્તક 'નવલું નજરાણું' માંથી.

વિચારો જ્યારે કોઈ આખો જ્ઞાતિવાચક શબ્દ, સંસ્કૃતિ-સંસ્કારના પર્યાયરૂપે એ પણ ઈશ્વરના સંદર્ભે વપરાય એ જ્ઞાતિના સંસ્કાર કેટલા ઊંડા હશે ? આવા જ કંઈક ગર્વની લાગણી સાથે અમે 'નાગરમંજૂષા' ના આ અંકમાં નાગરો અને નાગરત્વની વાતો વણી લીધી છે. જ્યારે કોઈ સંસ્કૃતિનો ભૂતકાળ ભવ્ય હોય ત્યારે વર્તમાન પેઢીની જવાબદારી વધી જાય છે અને એ જ વાત આપણને અર્થાત્ નાગરોની વર્તમાન પેઢીને લાગુ પડે છે. ભવ્ય પરંપરા, નારી દાક્ષિણ્ય, વૈચારિક સ્વાતંત્ર્ય, કલાત્મકતા, કર્તવ્યનિષ્ઠા, નીડરતા, નિખાલસતા અને હકારાત્મક વિકાસલક્ષી જીવનદર્શન એ આપણી આગવી ઓળખ છે. આ અમૂલ્ય સંસ્કારોનો વારસો આગલી પેઢી સુધી પહોંચાડવાની જવાબદારી આપણી છે. કમનસીબે આજના યાંત્રિક યુગમાં આ સંસ્કારો ઝાંખા પડતા જણાય છે. અત્યારની યુવાન પેઢી વિજ્ઞાનના સહારે જ્ઞાતિના વાડા ઓળંગી વૈશ્વીકરણ (Globalisation) તરફ આગળ વધી ગઈ છે. જોકે એમાં કંઈ ખોટું પણ નથી. મનુષ્યમાત્રની ગતિ વામનથી વિરાટ તરફની જ હોવી જોઈએ પણ એ ગતિમાં આપણી વિરાસતનું વહન નાગરમાત્રને શ્રેષ્ઠ વૈષ્ણવ જનથી શ્રેષ્ઠ વૈશ્વિકજન બનાવશે.

તો આવો આપણે સૌ પ્રયત્ન કરીએ વધુ ને વધુ નાગર યુવાનોને આપણી સંસ્થા અને સંસ્થાકીય પ્રવૃત્તિમાં શામેલ કરવાના જેથી એમને સમાન વૈચારિક ભૂમિકા પર ઊભેલા પોતાના જ બંધુઓનો સાથસહકાર અને હૂંફ પ્રાપ્ત થાય.

દીના વચ્છરાજાની

## નાગરોનાં ગોત્ર

એક જાણીતી કહેવત છે કે, ઋષિનાં કુળ અને નદીનાં મૂળ જોવાય નહીં આની પાછળની વિચારધારા કાંઈક આ પ્રકારની હોય તેમ લાગે છે. ઋષિઓની પરંપરા તો આદિકાળથી ચાલતી આવે છે. આપણા પુરાણા અને ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરવામાં આવે તો તેમાંથી એ ફલિત થાય છે કે ઋષિઓ તો કુળના સર્જકો હતા. હાલમાં ગોત્રનો જે ખ્યાલ ચાલે છે તેનો ઉદ્ભવ ઋષિઓથી જ થયો હોવાનો ઉલ્લેખ છે. દરેક ઋષિ પોતપોતાના કુળના જન્મદાતા ગણાયા અને તેમના વંશજો ઋષિઓના નામથી ગોત્રના માધ્યમ દ્વારા ઓળખાયા. નદીનું મૂળ જોઈએ તો નદી વિષેની પવિત્રતા અને મહાનતાના ખ્યાલમાં બાધા આવે. આથી જ નદીનું મૂળ ના જોવાય એ વાત પ્રચલિત થઈ લાગે છે.

વિશ્વમાં જ્યાં જ્ઞાતિપ્રથા છે – તે સર્વ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓની સમીક્ષા કરવામાં આવે તો એમ જણાય છે કે દરેક રીતે સર્વાંગીપણે નાગર જ્ઞાતિ ભારત અને વિશ્વમાં એક શ્રેષ્ઠ જ્ઞાતિ તરીકે ઊપસી આવે છે. જીવન, રહેણીકરણી, સમાજ, બુદ્ધિમત્તા અને વિચક્ષણતામાં લગભગ સંપૂર્ણ એવી આ જ્ઞાતિના વૈવિધ્યપૂર્ણ ગુણો અને લક્ષણો અજોડ ગણાયાં છે. આ માન્યતા ભારતના અને કેટલાક વિદેશના પણ ઘણા સમાજશાસ્ત્રીઓની છે. આમ શાથી ?

નાગરો વિષે એક માન્યતા પ્રવર્તે છે કે : ગોત્રં, અવટંક શાખાશ્ચ પ્રવરં વેદ શર્મિણિ, શિવ, શક્તિ ગણેશં ચ, નવં જાનંતિ નાગરા,

એટલે કે નાગરો પોતાના વિષેની નવ બાબતો લગભગ જાણતા જ હોય છે અથવા જાણવી જોઈએ. અટક, ગોત્ર, વેદ, તેની શાખા, ગોત્રમાં નામ પાડવાની પદ્ધતિ (શર્મ), પૂર્વજોમાં પ્રસિદ્ધિ પામેલા પોતાના મહાપુરૂષો (પ્રવર) અને ગણેશ, કુળદેવી તથા શિવ.

ગણેશ, કુળદેવી (મા અંબા) અને શિવ એ તો દેવો છે એ વિષે લગભગ બધા જ નાગરિકો જાણતા જ હોય છે. નાગરો કાંઈક વિશેષ જાણે એટલે ખરૂં

બાકીનાં છ તત્વોમાં નાગરોએ જાણકારી મેળવવી જોઈએ અને લગભગ બધા જ નાગરો પાસે આ જાણકારી હોય છે.

૧) અવટંક અટક : દરેક નાગરે પોતાની અટકનું મૂળ જાણવું જરૂરી છે. વ્યવસાય બક્ષિસમાં મળેલાં ગામ, સ્વભાવ (કેટલીકવાર) વ. બાબતો ઉપરથી અટકો પડી હોય છે. દા.ત. વસાવડા કે માંગરોળા, અવાશિયાની અટકો ગામોનાં નામ પરથી આવેલી જણાય છે. (નાગરોની કુલ અટકો આશરે ૧૦૦ છે)
૨) ગોત્ર : દરેક નાગરે પોતાનું ગોત્ર તો અનિવાર્યરૂપે જાણવું જ જોઈએ. કોઈપણ પ્રકારની ધાર્મિક વિધિ કરતી – કરાવતી વખતે ગોર મહારાજ હંમેશાં યજમાનને તેમનું ગોત્ર પુછતા હોય છે. તે જાણીએ તો જ આ વિધિ કર્યા – કરાવવાનો હેતુ સિધ્ધ થાય એવી માન્યતા છે. ગોત્રની ઉત્પત્તિ વિષેની પુરાણોમાં આવતી કથા કાંઈક આ પ્રકારની છે.

જ્યારે શિવ–પાર્વતીનાં લગ્ન થયાં ત્યાં શ્રી બ્રહ્મા પણ તેમાં હાજરી આપવા આવેલા. તેઓ પાર્વતી પર મોહિત થઈ ગયા અને લગ્નવિધિમાં ધ્યાન ના આપ્યું. આ વાતનો ભગવાન શિવને ખ્યાલ આવી જતાં તેઓએ પોતાના કપાળ પર લગાવેલ ચોખામાંથી છ દાણા જમીન પર નાખી તેમાંથી છ બ્રાહ્મણો ઉત્પન્ન કર્યા અને તેમની સહાયતાથી લગ્નવિધિ સમાપ્ત કર્યો. બ્રાહ્મણોને પુરસ્કારરૂપે છ નાગ કન્યાઓ સાથે પરણાવાયા અને તેમના વંશજો નાગરો તરીકે પ્રસિધ્ધ થયા (નાગરોના ઈષ્ટદેવ શિવ હાટકેશ છે તેના કારણોમાંનું એક કારણ આ પણ હોઈ શકે) આ છ બ્રાહ્મણોના કુલ ૭૨ પુત્રો થયા અને તેઓ ગોત્ર પ્રવર્તક તરીકે પ્રસિધ્ધ થયા. નાગરોનાં કુલ ગોત્ર ૬૪ છે. (તેની વાત પાછળથી)

૩) શર્મ : પ્રત્યેક ગોત્ર માટે અમુક શબ્દ જ અંતમાં રાખવો એવી પ્રણાલિકા પ્રસિદ્ધ હતી. જેથી ગોત્રનો ખ્યાલ આવે. આમ શર્મ એ ગોત્રસૂચક શબ્દ ગણાય છે. દા.ત. સુરતના નાગરોમાં એક વર્ગ એવો છે જેઓ પોતાના નામની પાછળ નંદ લખાવે છે. આજે પણ એ પ્રથા અસ્તિત્વમાં છે. દા.ત. મા અંબાની આરતીના રચયિતા શિવાનંદ નાગર હતા. આજે નામની પાછળ કુમાર, ભાઈ, દેવી, બાળા, બ્હેન, ગૌરી, ચંદ્ર વિ. લખવામાં આવે છે. જોકે આજે અંતમાં જે શબ્દ લખાય છે તેનાથી ગોત્રનો ખ્યાલ આવી શકતો નથી. પ્રાચીન સમયમાં આવા શર્મના પ્રકારો શર્મા, ગુપ્ત, દત્ત, મિત્ર વ. હતા.
(દા.ત. સંઘમિત્ર, ઉપેન્દ્ર શર્મા, ચંદ્રગુપ્ત, ચારૂદત્ત વ. નામો આજે પણ કેટલાક પરિવારોમાં જણાય છે.)

૪) પ્રવર : પોતાના ગોત્રમાં પ્રસિદ્ધ થઈ ગયેલી મહાન હસ્તીઓ અને ઋષિઓનો ખ્યાલ દરેક ગોત્રના નાગરને હોવો જરૂરી છે. તેમાં પણ પ્રવરિ, દ્વિપ્રવરિ અને ત્રિપ્રવરિ એટલે દાદા, પિતા અને પુત્ર, ત્રિપ્રવરિનું ઉદાહરણ જોઈએ તો વશિષ્ઠ શક્તિ અને પરાશર, આ ત્રણેય આગવી પ્રતિભાથી ઈતિહાસમાં અમર થઈ ગયા છે.

૫) અને ૬) વેદ અને શાખા પ્રત્યેક વેદની શાખા ચાર ચાર છે. પરંતુ નાગરો માટે પ્રત્યેક વેદની એક એક શાખા જ લાગુ પડે છે. આ ચાર વેદ તે ઋગ્વેદ, યજુવેદ, સામવેદ અને અથર્વવેદ નાગરોને લગતી દરેક વેદની શાખાઓ તે ઋગ્વેદની શાખાયની, યજુર્વેદની માધ્યંદિની, સામવેદની કૌમુથી અને અથર્વવેદની શૌનકી છે.

આટલું જાણ્યા બાદ આપણે ગોત્ર વિષે વિશેષ માહિતી મેળવીએ.

પ્રાચીન સમયમાં એકવાર ૭૨ ઋષિઓ ભ્રમણ કરતા પુષ્કર ક્ષેત્રમાં આવ્યા. સાથે તેમની સ્ત્રીઓ પણ હતી. આ ઋષિઓએ અગાઉ

ચમત્કાર નામના રાજાનો કોઢ દૂર કર્યો હતો. પણ ઋષિઓ રાજાનો પુરસ્કાર સ્વીકારતા ન હતા. પુષ્કર તીર્થમાં તેઓ આવ્યા છે એની રાજાને જાણ થતાં રાજાએ પોતાની રાણી દમયંતીને વસ્ત્રાભૂષણો સાથે ત્યાં મોકલી ઋષિપત્નીઓને દાન આપ્યું. ચાર ઋષિઓ તો અગાઉથી જ ત્યાંથી જતા રહ્યા હતા અને જે ૬૮ ઋષિઓ રહ્યા તેમાથી ચાર ઋષિપત્નીઓએ દાન ના સ્વીકાર્યું અને ત્યાંથી ક્રોધિત થઈ જતા રહ્યા. બાકીના ૬૪ ઋષિઓ આ ક્ષેત્રમાં જ રહ્યા અને તેઓને રહેવા માટે નગર બાંધી તેની ચારે બાજુ ફરતો કોટ બાંધી આપ્યો જેથી તેઓ સુરક્ષિત રહી શકે. આ નગર તે ચમત્કારપુર અને તેમાં વસતા ૬૪ ઋષિઓ એ ૬૪ ગોત્રના આદ્યસ્થાપકો-નાગરો તરીકે ઓળખાયા. આ નગર પાછળથી વડનગર તરીકે પ્રસિદ્ધ થયું. આમ આજના નાગરોના ભલે ૬ વિભાગ હોય પરંતુ તેઓ બધા જ મૂળ તો વડનગરના જ ગણાય. પાછળથી તેઓએ સ્થાન બદલ્યું અને નવા સ્થાનના નામથી તેઓ ઓળખાતા હતા. દા.ત. વિસનગરના વિસનગરા, સાઠોદના સાઠોદરા વ.વ...

આ જે ચોસઠ (૬૪) ગોત્રો નાગરિકોનાં ગણાય છે તેની યાદી નીચે પ્રમાણે છે. નાગર જ્ઞાતિમાં સગોત્રમાં લગ્ન થઈ શકતા નથી તેનું કારણ આમાંથી સમજાઈ જશે. વિગોત્રી લગ્નથી જન્મેલાં બાળકો વધુ હોશિયાર અને પ્રભાવશાળી હોય છે એ પુરવાર થયેલી હકીકત છે.

૧) ઉપમન્યસ
૨) કૌચસ
૩) કેશોર્યસ
૪) ત્રિવર્ણસ
૫) કૌશિકા
૬) કાશ્યપસ
૭) લાક્ષ્મણસ
૮) ભારદ્વાજસ
૯) કૌન્ડીનયસ
૧૦) રૈવિકસ
૧૧) પારાશર્યસ
૧૨) ગાર્મસ
૧૩) હારીતસ
૧૪) ઓર્વ ભાર્ગવસ
૧૫) ગૌતમસ
૧૬) આલંભયાનસ
૧૭) માંડવ્યસ
૧૮) બહુવર્ચસ
૧૯) સાંકૃપસ
૨૦) આંગિરસ
૨૧) અત્રેય
૨૨) શુકલ આત્રેયસ
૨૩) વાત્સ્યસ
૨૪) કુત્સ
૨૫) શાંડિલ્યસ
૨૬) ભાર્ગવસ
૨૭) મોદ્‌ગલ્યસ
૨૮) બોધાયનસ
૨૯) કૌશલસ
૩૦) આથર્વસ
૩૧) મૌનસ
૩૨) યાજુષસ
૩૩) રચવનસ
૩૪) આગસ્ત્યસ
૩૫) જૈમિનીયસ
૩૬) નૈવૃત્તસ
૩૭) પાણિન્યસ
૩૮) વત્સપાલસ
૩૯) ઔશનસ
૪૦) કાકવસ
૪૧) દાશાર્હસ
૪૨) લોકાખ્યસ
૪૩) ઔણિશસ
૪૪) કાપિષ્ઠલસ
૪૫) શાર્કરસ
૪૬) દત્તાવ્યસ
૪૭) શાર્કવસ
૪૮) દાર્જ્યસ
૪૯) કાત્યાયનસ
૪૯) વૈદિશસ્
૫૦)
૫૧) કૃષ્ણાગેયસ

૫૨) દત્તાત્રેયસ
૫૩) રૌનક્સ
૫૪) નારાયણાસ
૫૫) જાબાલ્યસ
૫૬) જામદગ્ન્યસ
૫૭) શાલિહોમસ
૫૮) કાર્ણિક્સ
૫૯) ભાગુરાયાણસ
૬૦) માતૃક્સ
૬૧) ત્રૈણવસ
૬૨) બૈજવાયસ
૬૩) ગાંગ્યનસ
૬૪) ઔક્ષણાસ

સંદર્ભ : ૧) સ્કંદ પુરાણ નાગર ખંડ ૨) સુરતના વડનગરા નાગરોની વંશાવળી કપિલરામ ડાકોરરામ મહેતા – ૧૯૪૦

**કિરીટ બક્ષી** – વડોદરા

'નાગર નવલું નજરાણું'માંથી સાભાર

## પુત્રનાં લક્ષણ પારણામાંથી

પુત્રનાં લક્ષણ પારણામાંથી એ કહેવા પૂરતું ઠીક છે પણ ખરાં લક્ષણ તો પુત્ર હોય કે પુત્રી, પારણું ત્યજીને પા પા પગલી કરવા માંડે પછી જ પ્રગટ થવા માંડે છે. લક્ષણ શું કામ, અપલક્ષણો જાણ પણ ખરા. જેનાં લક્ષણ અપલક્ષણનો તમે પાર ના પામી શકો ત્યારે સમજી જવું કે એ રાજકારણીનું લક્ષણ છે.

હું જ્યારે જન્મ્યો ત્યારે અમારી જ્ઞાતિનો જબરજસ્ત પ્રભાવ હતો, વટ હતો. હું કોલેજમાં પહોંચ્યો ત્યાં સુધીમાં આખું ચિત્ર બદલાઈ ગયું હતું. મારી શુદ્ધ વાણીથી પણ મારા પટેલ મિત્રોને હસવું આવતું અને કહેતા હારૂ સાલું, ચાંપલું છે. આખી અમારી ન્યાત નોકરિયાત થઈ ગઈ છે. તેમાં તમને ગણ્યાગાંઠયા ઉચ્ચ હોદ્દેદારો મળે ખરા પણ વેપાર ઉદ્યોગમાં સાવ ઓછા. તોય હજી અમારા ભેજામાં પવન તો ખરો જ. ઘરમાં વેઢમી રાંધી હોય તો પોળના પડોશીઓને ખબર તો પડવી જ જોઈએ. એ વિના વેઢમીની મઝા ના આવે. એટલે નાગરણ થાળીમાં વેઢમી લઈને ઓટલા પર જશે અને આખી પોળ સાંભળે તેવા અવાજે બૂમ મારશે : લે ગાય ગાય, ગળી રોટલી ખાવા આવે ગાય કહે તો ગાયને પણ ખૂંચે એવા નાગરી ઉચ્ચાર.

અમારા એક નાગરને મળવા કોઈ બિનનાગર રાજજન ગયેલા. નાગર યજમાને મુલાકાતીને આગ્રહ કર્યો. સંધ્યાભોજન કરીને જાઓ. આપણે સૌ સુખ પાવની આરોગીશું. મુલાકાતીએ સુખપાવની નામની વાનગીનું નામ સાંભળ્યું નહોતું. કોઈ નવી વાનગી આરોગવાની લાલચે એ ભાઈ રોકાઈ ગયા. સંધ્યાભોજન ટાણે થાળી વાડકામાં ખીચડી, કઢી શાક પીરસાયા મહેમાન સુખપાવનીની રાહ જોતા બેઠા રહ્યા. ભોજન પતી ગયા કેડે એમના શબ્દભંડોળમાં એક નવા શબ્દનો ઉમેરો થયો. સુખપાવની એટલે ખીચડી. એ બધા ખીચડી ખાઉ – અને નાગરો સુખપાવની આરોગીને એ પછી હીંચકે ઝૂલતાં માણીએ તાંબૂલ તણો મુખવાસ અમે સાદાસીધા પાનને તાંબૂલ કહેનારા.

નાગર પાસે બાપદાદાના વખતનું ઝરી ગયેલું એક અબોટિયું હોય પણ મગાવે એવી ઢબે કે સાંભળનારાને થાય. ઘરમાં કબાટોનાં કબાટો પીતાંબરથી ભરેલાં હશે.

નાગર, કાગડા (કાગડા) અને કૂકડો, ત્રણ જાત સજાત છે. કાછડ, કુછડ અને કૂતરાં ત્રણે જાત કજાત...નાગરથી ઊજળો કોઢિયો.

નાગર નર હારે નહિ, હારે હોય હજામ
નાગર, નાચણ અને પવૈયા એ ત્રણે ઢાંક્યા ના રહે.
**નાગરની કન્યા ઉઘાડી.**

નાગર બચ્ચા કબુ ના બોલે સચ્ચા,
જો બોલે સચ્ચા તો ઉસકા ગુરૂ કચ્ચા.
નાગર બચ્ચો કાળો નહિ, કુંવારાને સાળો નહિ,

બ્રાહ્મણને ઘેર પાળે નહિ, નાગર ભરાવે ગાગર,
નાગરવાણી નાગપાશ જૈસી.

જેમ બધી કોમો અને જ્ઞાતિઓનાં લક્ષણ બદલાતાં રહે છે તેમ નાગરોનાં પણ બદલાતાં રહે છે. એક વખત હતો જ્યારે જ્ઞાતિઓ અલગ અલગ વાડામાં વસતી કોઈ ગામમાં નાગરવાડાને કઈ રીતે પારખવો તેનો બહુ જાણીતો દુહો છે.

નાનકડી નાર ને નાકમાં મોતી, પિયુ પરદેશ ને વાટડી જોતી
ઉડાડતી કાગ ને ગણાતી દહાડા, એ એંધાણી એ નાગરવાડા.

આજે આ એંધાણીએ નાગરવાડો શોધવા નીકળો તો કયાં પત્તો ખાશે ? હવે તો બધી ન્યાતના વાડા વેરવિખેર થઈ ગયા છે. પરણીને અમેરિકા ચાલ્યા ગયેલા કોઈ ગ્રીન કાર્ડિયા ભરથારના તેડાની રાહ જોતી નાગરણ આજે નાકમાં મોતી પહેરીને કાગડા ઉડાડતી ના બેસી રહે.

આ બધું વાંચીને કદાચ મારા નાતીલાઓને મારા પર દાઝ ચડશે એમ માનું છું. આવી ચડતીપડતી તો દરેક પ્રજાના જીવનમાં આવતી હોય છે – પણ તેમાં શરમાવા જેવું કોઈ નથી. પચાસ વર્ષ પછી પાંચ નાગરો – બ્રાહ્મણો જેવી ઊજળી કોમો અનામત બેઠકો માટે આંદોલન કરતી થઈ જશે. ન્યાય ખાતર પણ મારે લખવું જોઈએ – ગમે તે કહો – અમારો ભૂતકાળ ભવ્ય હતો. નાગરો ભારતમાં ક્યારે અને ક્યાંથી આવ્યા તે વિષે વિદ્વાનોએ ઠીક ઠીક સંશોધન કરી વિવિધ થિયરીઓનું પ્રતિપાદન કર્યું છે. કેટલાક વિદ્વાનો કહે છે કે નાગરો ઈરાનથી આવેલા તે વાત મને બેસે છે. પારસીઓ પણ ઈરાનથી આવેલા. પારસીઓ અને નાગરોમાં ઠીક ઠીક સામ્ય છે. પારસીઓ અને નાગરો બન્ને વાચાળ, બન્નેમાં વિનોદવૃત્તિ ભારોભાર (પારસીઓ થોડું ઉઘાડું બોલે), બન્ને ગોરા, બન્ને કાર્યદક્ષ, બન્ને પ્રમાણિક (આજની વાત નથી). બન્ને મિલનસાર. બન્નેનો એક સ્ક્રૂ ઢીલો.

દુનિયાને ઊંધા ચશ્માં, ડાહ્યા દિવાના લાગે.
નરસિંહ હતો દિવાનો, મીરાં હતી દિવાની.

નાગર નરસિંહ પંદરમી સદીમાં આજના વી. પી. સિંહ કરતાંય વધારે પ્રગતિશીલ પગલું (હરિજનવાસમાં ભજન ગાવા જવાનું) ભરીને પાગલમાં ખપી ગયેલા. મીરાબાઈ નાગરણ તો નહોતાં પણ પોતાનાં ભજનોમાં શ્રી કૃષ્ણને ગિરિધર નાગરનું સંબોધન કરીને રજવાડી ભેજું ધરાવતા રાણાને ગેરસમજમાં નાખી દીધા. એક રાજપૂત રાજવીની પત્ની કોઈ નાગરને સંબોધીને પ્રેમગીતો લખે ! નાગરને કારણે વાત ઝેરકટોરા સુધી પહોંચેલી. ભક્ત કવિ દયારામ તો મારી જ ન્યાતના સાહોદરા નાગર. એ ૧૭૭૭ની સાલમાં ચાંણોદમાં જન્મેલો. કોઈ ૧૦–૧૨ વર્ષની ઉંમરે અનાથ થઈ ગયેલો એ ડભોઈમાં પોતાના મોસાળમાં આશરો પામ્યો. આમ, નાગરો શૈવપૂજકો પણ એ વળી વૈષ્ણવ. પુષ્ટિમાર્ગી થયા. એ ૭૬ વર્ષ જીવ્યા. પરણ્યા નહિ અને ત્રણવાર ભારતયાત્રા તથા સાતવાર શ્રીનાથજીની યાત્રા કરી. મારા જન્મ પહેલા ગુજરાતી સાહિત્યમાં પંડિતયુગ ચાલતો હતો. સાહિત્ય ત્યારે સંસ્કૃતપ્રચુર ભાષામાં લખાતું. ફક્ત પંડિતો જ એવી ભાષા લખી શકતા અને ફક્ત એ જ સમજી શકતા. નાગરો અને બ્રાહ્મણો ત્યારે સાહિત્ય ઉપર છવાઈ ગયા હતા. અમે નાગરો – અમારા માટે, અમારાં લક્ષણો માટે ત્રણ શબ્દનો ગુણ પ્રચલિત બનેલો. કલમ, કડછી અને બરછી નાગરોનો કલમ પર કાબુ, રસોઈ પણ વખણાતી અને કલમના જોરે સાહિત્યમાં જેમ જામી બેઠા હતા તેમ રજવાડાંઓમાં બધે દીવાનપદે જામી બેઠા હતા. આમ તો રાજનીતિજ્ઞ મુત્સદ્દીઓ નાગરો મોટા ભાગે પડદા પાછળ રહીને દોરીસંચાર કરતા સાહિત્ય અને રાજકારણમાંય કલમ ચલાવતા, બરછી પણ ધારણ કરી શકતા. મારાં બા–બાપુનાં અમારી નાગર જ્ઞાતિમાં જ પ્રેમલગ્ન ૧૯૨૭માં થયેલા. નાગર પુરૂષો કરતા નાગરણો વધારે વ્યવહારદક્ષ, બોલવે ચાલવે ચતુર, નાગર પતિઓ પત્નીઓથી દબાયેલા રહેવામાં, હેન પેક્ડ ગણાવામાં ગૌરવ અનુભવતા. નાગર રજવાડામાં દીવાનપદું

કરતા ત્યારે પણ ચલણ તો એમની પત્નીઓનું જ રહેતું.

નાગરોમાં મધ્યમવર્ગ અને ગરીબ વર્ગ હતા. (હવે વધારે છે) અમારી નાતમાં દહેજ, દાયજા, વાંકડા જેવી બાબતમાં કન્યાઓને ત્રાસ આપવામાં આવતો નહોતો એટલા પૂરતા અમે સુધરેલા. અમારી સાહોદરા નાગરની કન્યાઓનાં બીજી જ્ઞાતિઓમાં માણસના આર્થિક દરજજા પ્રમાણે ચોકઠાં બેસાડવામાં આવતાં અને આવે છે. અમારી જ્ઞાતિમાં પૈસો એટલે પૈસા કરતાં ભણતરનું મહત્વ વધારે અમારા નાગરોમાં મિલનો મોટામાં મોટો ટેકનિશયન પણ કારીગર જેવો જ ગણાતો. અમારી દ્રષ્ટિએ સરકારી નોકરી, સરકારી ખિતાબ એટલે અધધધ અહોહો...ધન્ય.

નાગરોનું જાહેરમાં વર્તન સૌજન્યશીલ રહેતું. અવાજ ધીમો, દેખાવમાં ગોરા અને દેખાવડા, બીજી જ્ઞાતિઓની સરખામણીમાં વણિક બુદ્ધિ મળે નહિ. ઘરની ચાર દીવાલોમાં નાગરણનું ચલણ વધારે, પરનાતોમાં એ પણ એક મશ્કરીનો વિષય હતો. નાતમાં જમવા જતી વખતે પાણી પીવાનું વાસણ ઘેરથી લઈ જવાનો રિવાજ હતો. હું પણ મારા નાનપણમાં અબોટિયું પહેરીને હાથમાં પવાલા સાથે નાતમાં જમવા જતો અને પાછા ફરતી વખતે લોટામાં ઘી ભરાવતા.

નાગરી નાતમાં સાક્ષરોય ખરા એ રાક્ષસોય ખરા. આપણી જ્ઞાતિના ઓચ્છવનો વરઘોડો નીકળતો ત્યારે એવો વટ કે જોવા અડધું અમદાવાદ ઉમટે પણ કોઈ ચૂંકે ચાં ના કહે. પોલીસો પણ નાગરી નાતને મહત્વ આપે.

(શ્રી તારક મહેતાના ગ્રંથ એકશન રીપ્લે માંથી નાગરોને લગતાં અવતરણો – સાભાર)



**મંગલા ચરણ**

શક્તિ સ્વરૂપે તમને પૂજ્યા દુર્ગા રૂપે દુનિયામાં છવાયા માની મમતા, વ્હાલ ને સમતા, માતા એને તમે ફેલાવ્યા દુર્ગુણનો મહિલાસુર હો, કે રાક્ષસ કૂળના વિરલા તારા રણચંડી થઈને અંબેમા દિવ્ય દ્રષ્ટિથી જગને તાર્યા

મહાદેવને વંદન કરીએ આશિષરૂપે બિલ્વા લઈએ

હળાહળને કંઠમાં રોક્યું નિલકંઠ સ્વરૂપને ભજીએ ઉમાપતિ ત્રિલોચન શંકર હાટકેશ! હૃદયથી નમીએ નાગજૂના છો દેવ તમે પ્રભુ તવ કરૂણાને નયને મહીએ

**ચિરાગ બક્ષી**
વડોદરા

**નાગર સ્ત્રીની લાક્ષણિકતા**

સ્નેહતંતુથી ગૂંથાએલ, સુમેળભર્યું, લાગણીથી જીવન જીવનાર વ્યક્તિઓનું વર્તુળ એ જ નાગરકુટુંબ! અન્ય જ્ઞાતિથી જુદી તરી આવનાર વ્યક્તિ નાગર જ હોઈ શકે! કદાચ રૂપે રંગે સરખા દેખાય પણ? યદા યદા પ્રમાણમ્ ! એ તો સાચુંને?

અત્યારે આપણે આપણા દાદી, નાની, કાકીબા, ફોઈબા કે એના વડીલોના જીવનમાં ડોકિયું કરીએ, સ્નેહ સરળતા, સાહજિકતા અને સમર્પણ માટે તેમને કદિ પ્રયત્ન નથી કરવો પડયો.

ઘરમાં દિકરી જન્મે, તો તેને લક્ષ્મી તરીકે જ વધાવવાની હોય. દિકરીના દાન દેવાના હોવાથી તેને સવિશેષ વ્હાલ સાથે ઉછેરાય પણ હા! ખોટા લાડ નહી.

પાંચ છ વર્ષની દિકરીને હાથમાં સાવરણી પકડાવી બેટા! આટલો ચોક વાળી નાખશો? દિકરીની તાલીમની શરૂઆત અહીથી જ થતી

હા! વચમાં નાનાને પણ માનપૂર્વક તમે એટલા માટે કહેવાનું કે જેથી શિખામણનો બે શબ્દો તેને કહેતી વખતે કોઈ અપશબ્દ ન બોલાઈ જાય. નાની તાંબાની લોટીમાં દૂધ આપી, પાસેના શિવાલયમાં અભિષેક કરવા જતી આ નાની દિકરીને ધાર્મિક સંસ્કાર મળવાની આમજ શરૂઆત થઈ જતી. સામાન્ય રીતે ઘરનું રસોડું વડીલ સ્ત્રી જ સંભાળતી. વહુઓ દિકરીઓ તેમને મદદ કરે. કદાચ કરકસરનો હેતુ હોય કે કદાચ તે કુટુંબમાં વિધવા કે મોટા કાકાનો પણ સમાવેશ થતો હોય સાથે સગાવ્હાલાની અવરજવર તો હોય જ!

રસોડામાં અજીઠી (એંઠી) રસોઈનો મુકામ જુદો જ રહેતો જેથી પવિત્રતાના પાઠ દીકરીને મળે જ!

જમવાની થાળીનું પીરસણ એ પણ એક કળા હતી. થાળીમાં સૌ પ્રથમ મીઠું, પછી અથાણાં, ચટણી, રાયતું વિ. પીરસ્યા પછી શાક અને ડાબી બાજુ પુરૂષો માટે અપૂષણના થોડા ભાત! જમતી વખતે થાળીમાં કાંઈ પણ ન છાંડવાની ટકોર શિસ્તના પાઠ ભણાવતી.

બહારની કોઈ વ્યક્તિ કે સગાવ્હાલાના જમણ માટે ઘેર જ ફરસાણ અને મીઠાઈ તૈયાર કરવામાં આવતાં હતા બજારમાંથી નહી, કારણ કે ગમેતેવી વ્યક્તિના હાથથી બનાવે ફરસાણમાં અન્ન એવા ઓડકારની અસર તેમને જણાતી હતી. કદાચ નાણાકીય સુવિધા પણ તે વખતે એટલી સારી નહોતી અને કદાચ તેમાં તેમને અપવિત્રતા જણાતી હતી.

તે સમયે બાજરીનો વપરાશ વધારે તેથી સવારે બાજરીની ફુલાવેલી રોટલી અને સાંજે દૂધથી બાંધેલી અને ઘીમાં તળેલી દશમીનો ઉપયોગ થતો જેની સાથે તાંસળું ભરીને દૂધ લેવામાં આવતું અને તે પછી હીંચકે બેસીને પાનપટ્ટી જામતી હતી.

નાસ્તામાં પણ વઘારેલા મમરા, ગોળપાપડી અને પાપડપૌંઆ હોય. તે સમયે કેળના પાણીથી બાંધેલા લોટથી ઘરમાંજ પાપડ થતા. સીઝનમાં એ રીતે બટાકાની કાતરી, પાપડ કે પાપડી (ચોખાના લોટની) બનાવવામાં બહેનોની કુશળતા જણાઈ આવતી.

હાથરૂમાલ કે કોઈ મોટી ખરીદી કરવાની હોય તો તે કામ જરૂરિયાત અને આયોજન મુજબ થતું.

કદાચ નાગરજ્ઞાતિમાં જ પતિ તેનો પગાર પત્નીને વિશ્વાસ અને પ્રેમથી આપે જેનો તે યોગ્ય ઉપયોગ કરે! ઓચિંતી કોઈ માંદગી વખતે પડતી પૈસાની જરૂરિયાતમાં પત્ની કરકસરથી બચાવેલા પૈસાનો પતિને ટેકો કરતી. સ્ત્રીની આ છઠ્ઠી સેન્સને લીધેજ કહેવાનું મન થાય કે ગૃહિણી ગ્રહમ્ ઉચ્યતે ! ઘરમાં સારા માઠા પ્રસંગો સ્ત્રીની વ્યવહાર કુશળતાને લીધે સરળતાથી ઉકેલી શકતા હતા.

પોતાના ઘરની કુળવધૂ જુદા જુદા ક્ષેત્રમાં ભાગ લઈ સિદ્ધિ હાંસલ કરે તેનો વડીલોને આનંદ હતો. વડીલોને પણ પોતાનું માન જાળવતાં અન જાળવાતાં આવડતું હતું.

પતિની મર્યાદિત આવકમાં સમજણ અને સંતોષથી જીવનવ્યવહાર નિભાવનાર પૌત્રી, પતિને એટલી બધી માનસિક રાહત આપતી કે પતિની ગતિમાં તેનો ઘરનો બોજ પણ પોતે લઈ લેતી.

હાલના સંજોગોમાં બદલાયેલાં મૂલ્યોને તપાસીએ તો, કાંઈ બહુ નિરાશ થવા જેવું નથી, કારણ કે દરેક ક્ષેત્રમાં વધેલી સુવિધાઓએ આપણી જીવનશૈલી બદલી છે. શિક્ષિત પતિપત્ની આર્થિક સધ્ધરતા વધારે છે. સંતાનોના ઓલરાઉન્ડ વિકાસ માટે પણ પતિ સાથે વિચાર વિમર્શ કરી પ્રયત્નશીલ રહે છે... પણ એક વાત કહેવાનું મન થાય છે કે Heredity અને Enviornment માં જ્યારે Enviornment નું પલ્લું વધારે નીચું નમે ત્યારે સંતાનોની સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિણમતી જોવા મળે છે.

પરિણામે આંતરજ્ઞાતીય લગ્નો પણ જોવા મળે છે. કાંઈ ખોટુ નથી પણ ઘણીવાર એ લગ્નો ટકતાં નથી પહેલાંના સમયમાં ઉંમરલાયક દીકરી માટે તેની નજર બહાર જાય તે પહેલાંજ સારૂં કુટુંબ અને યોગ્ય પાત્ર જોઈ તેનું સગપણ કરી દેતાંને વખતે સંસાર સાગરમાં સૌદર્યને કોઈની વિકૃત નજર લાગી શકતી નહોતી. એ તેના ચારિત્ર્યનું તેજ હતુ.

તે સ્ત્રી ખરેખર, કાર્યમાં મંત્રી, સેવામાં દાસી, ભોજનમાં માતા અને શયનમાં રંભા હતી. હાલના સંજોગોમાં જ્યારે સ્ત્રી વધુપડતી મહત્વાકાંશી બની જાય છે. ત્યારે વડીલો કુટુંબીજનો તેના ભોગ બને છે અને ત્યારે આપણને આપણી જાતને પૂછવાનું મન થાય કે આપણે શિક્ષિત છીએ ખરા ?

**અતુલા કિરીટ બક્ષી**
વડોદરા

## નાગર વિશિષ્ટતા

કોટિજન્મસુકૃત ફળે, તો જ નાગર થવાય નહિં તો ક્ષુદ્ર દૈવતો, લજતાં આયુષ જાય કેમ છો સુહાનીબેન ? સામેથી ફોન પરની વ્યક્તિનો મધુરો હસતો ને વિવેકપૂર્ણ શબ્દોનો રણકો સંભળાય તો જરૂર તમે ઓળખી જશો કે વાત કરનારી વ્યક્તિ નાગર છે. ભાષાવિવેક, મીઠાશ ને આત્મીયતાને વ્યવહાર – આ નાગરની સ્ત્રીને આગવી ઓળખ હું પોતે નાગરજ્ઞાતિની છું તેનું મને ભારોભાર ગૌરવ છે કે મારા કેટલા જન્મોના પુણ્યોદયે મને નાગર કુટુંબમાં જન્મ મળ્યો છે. શીલ, સંસ્કાર, શિક્ષણ ને સંગીત આ ચારેયનો સમન્વય એટલે નાગર. કુશાગ્ર બુદ્ધિપ્રતિભા ને દરેક વ્યક્તિ સાથેનું સાયુજયભર્યું વર્તન એ નાગરોનો આગવો અસબાબ – વૈભવ છે, વર્ષો પહેલાં તો એવું હતું કે દીકરીઓને તો પરણીને સાસરે જવાનું ઘર–કુટુંબ સંભાળવાનું ને બાળકોને ઉછેરવાના લગ્ન પણ નાની ઉંમરે જ થઈ જતાં. આને કારણે દીકરીઓને ભણાવવાનું બહુ માહાત્મય નહીં. પણ આમાં નાગરજ્ઞાતિ અપવાદરૂપ હતી. ૯૦ વર્ષ પહેલાં પણ મારા માશી ગ્રેજ્યુએટ થયેલાં ને શાળામાં શિક્ષિકા હતાં અને સંસ્કાર ઘડતર માટે સતત સજાગ રહેતાં.

સમાજમાં તો અનેક જ્ઞાતિઓ છે જ ને દરેક જ્ઞાતિની પોતાની આગવી ઓળખ ને વિશિષ્ટતાઓ પણ છે. નાગરજ્ઞાતિને વધુ ઉજાગર કરતા અન્ય જ્ઞાતિઓને નજરઅંદાજ કરવાનો આપણને હક છે જ નહીં. દરેક વ્યક્તિને પોતાની જ્ઞાતિનું ગૌરવ હોય તે સ્વાભાવિક છે.

છતાં પણ થોડો અવિવેક કે અભિમાન લાગે તો વાચકો માફ કરે પણ નાગરજ્ઞાતિને પ્રાધાન્ય અને આગવું સ્થાન આપવું જ પડે. સૌથી મોટી ને ધ્યાન ખેંચે એવી વિશેષતા નાગરજ્ઞાતિની જો કોઈ હોય તો તેઓનો ભાષાવિવેક, મિઠાશ અને હસમુખી વાતચીત. કોઈ મેગેઝીન કે અખબારમાં જે લેખો આવે છે, એમાં નાગરલેખકોની ભાષા અલગ તરી આવે છે. લખનાર દરેક લેખક ખૂબ શિક્ષિત ને બહુશ્રુત હોય તો જ લખી શકે તેથી નાગર લેખકોની બુદ્ધિમત્તા કે રજૂઆતને નજરઅંદાજ કરવાની કુચેષ્ટા ન જ કરી શકાય. નાગર– સભ્યોની બાંધચાલ, વાતચીત દરમ્યાન સામી વ્યક્તિનું આત્મસન્માન જરાયે જોખમાય નહીં તેવી સતત સભાળતા. આ નાગરના આગવાં લક્ષણો છે કે જે શાળામાં શિક્ષિકા હતી તે સ્કૂલના પ્રિન્સિપાલ જૈન હતા. તેઓને નાગરો માટે બહુ જ ભાવ તેઓ કહેતા કે પાંચેક બેનો વાતો કરતી હોય ને મારા સાંભળવામાં આવે તો હું તરત ઓળખી જાઉં કે આમાં નાગરબેન કોણ છે ?

છ–સાત દાયકા પહેલા એવું હતું કે નાગરપુરૂષ ગ્રેજ્યુએટ થાય એટલે સરકારી કે અર્ધસરકારી નોકરી સ્વીકારી લે. સ્વતંત્ર વ્યવસાય કરવાની હિંમત નાગરભાઈઓમાં જરાય નહીં. જોકે એ બદલાઈ ગયો છે. આપણાં સંતાનો તેઓના હાઈ એજ્યુકેશન કે હાઈલી ક્વોલીફાઈડ હોવાને કારણે સ્વતંત્ર

વ્યવસાયને વધુ પ્રાધાન્ય આપે છે. શરૂઆતથી જ નાગરો આર્થિક રીતે ખૂબ સધ્ધર નહીં, કારણ નોકરીનો મર્યાદિત પગાર ને સંયુક્ત કુટુંબ, નાગર કુટુંબ ધનાઢય છે એવું ખાસ જોવા કે સાંભળવા મળતું નહીં. ઘણા રોજિંદા વ્યવહાર રહેણીકરણી કે વસ્ત્રપરિધાનમાં સુખી હોવાનો આભાસ જરૂર ઊભો કરી શકતા. આપણા ઈષ્ટદેવ શંકર ભગવાન છે. તેઓ પણ ઈન્દ્રને શરમાવે તેવો વૈભવ હોવા છતાં અકિંચન હોય તેવું ચિત્ર આપણી સમક્ષ છે. આપણે સંસ્કાર, શિક્ષણ, વિવેક કે વિનયથી ભરપૂર છીએ તેનું શ્રેય આપણા ઈષ્ટદેવને જાય છે બધા દેવોમાં માત્ર શંકર ભગવાનને જ મહેશ કહેવામાં આવ્યા છે. મહતો જ્ઞાનભૂમિનામ્ ઇશ જેણે જ્ઞાનની ચારેય ભૂમિકાઓ પાર કરી છે. (દત્તપુરાણ), તેથી તેઓ બ્રહ્માથી પણ મોટા ગણાયા ને માટે જ મહેશ કહેવાયા. નાગર જ્ઞાતિ ઉપર તેઓના આશીર્વાદ ભરપૂર છે, તેથી જ સમાજમાં આ જ્ઞાતિનું સ્થાન મોખરે છે. શિવજીને વૈભવની જરૂર પડી જ નથી કારણ જ્ઞાન તેઓની રગેરગ પચાવી ચૂક્યું હતું. હિમાલયની ટોચે વસવાટ એની પાછળ એમની કોઈ દિવ્ય શક્તિ કામ કરી રહી છે. દૈવી સામર્થ્યે એમને હિમાલયની ટોચે બિરાજમાન કર્યા છે. આપણી નાગરજ્ઞાતિની શાંતિ–શક્તિ એ શ્રીશિવાજીની કૃપાનું ફળ છે. સુંદરતા ને જાજરમાન વ્યક્તિત્વ નાગરબેનોને વરદાનમાં મળ્યાં છે. ઘણા એવું માને છે કે નાગરી નાતમાં બેનોનું (સ્ત્રીઓનું) વર્ચસ્વ જ હોય છે. કદાચ સાચું જ હશે, કારણ કુટુંબના વડીલોને ને પુરૂષોને કુટુંબની સ્ત્રીઓની કુશળતા તે બુદ્ધિપ્રતિભા પર પૂરો વિશ્વાસ છે. નાગરોમાં પણ પેટા જ્ઞાતિ હોય છે. જ્ઞાતિના મૂળ ઉદ્‌ગમ સ્થાન (ગામ) પ્રમાણે જે તે જ્ઞાતિ ઓળખાતી હોય છે. દા.ત. વડનગરા, વિસનગરા, સાઠોદરા, પ્રશ્નોરા, પેટલાદી વિ. હવે તો વિવિધ સ્થળે વસતાં કુટુંબોને કારણે સ્થાનિક જ્ઞાતિ વિખરાતી ગઈ ને ધીમે ધીમે સમસ્ત નાગર મંડળની વ્યવસ્થા કરવામાં આવી.

હું પોતે મૂળ વડનગરની નાગર કહેવાઉં પણ અમારા પરદાદાઓ વર્ષોથી અમદાવાદના નાગર એવી ઓળખાણ આપવી પડે.
નાગરબેનોના સંગીતને માણવું હોય તો અહીં તો દરેક નાગરકુટુંબમાં નવરાત્ર દરમ્યાન બેઠા ગરબા થાય

છે. નાગર સિવાયના મિત્રમંડળની બેનો માત્ર નાગરબેનોના ગરબા સાંભળવા પણ પ્રસંગે હાજરી આપે ત્યારે ખરેખર અનુભવાય કે ભક્તિ સાથેનું સંગીત સાંભળવું હોય ને એક આનંદમય, મંગલ પ્રસંગનો લ્હાવો લેવો હોય તો નાગર બેનોના કંઠેથી ગવાતા માતાજીના ગરબા સાંભળવા. પુરૂષો પણ તેમાં સામેલ થાય. બહુ જ સહજ ને હૃદયના ઊંડાણમાંથી ગરબારૂપે માતાજીની કૃપાનું પ્રાગટય નજરે નિહાળ્યું હોય એવી અનુભૂતિ થાય. ઋજુતા, નમ્રતા, નિર્મળ હાસ્ય ને બિનશરતી ભેગા થઈને મણાતો આનંદ આ જ નાગરજ્ઞાતિની સાચી ને સ્વચ્છ તાસીર.

**કૌમુદી ડી. બક્ષી**
અમદાવાદ

## નાગરોપનિષદ

હીંચકે સવારી મુખમાં સોપારી, સંગે નાગરાણી
ન્યારી, મનમાં નિરાંતનો ધામો
ત્યારે જ વાંચો આ નાગરોપનિષદનું નજરાણું,
માણો દિલથી આનંદ પામો

નાગરનાં લક્ષણ શુદ્ધ ભાષા ગૌર વર્ણ
મુત્સદ્દીમાં ગણના બુદ્ધિ વિચક્ષણ
કળામાં રૂચિ અને વિશેષ ઓળખ કલમ કડછી
બરછી જેવા સરંજામો

એના ઈષ્ટદેવ મહાદેવ રહે હાટકેશને શરણે
પડે મા અંબાને ચરણે
નવરાત્રિમાં ગરબા શક્રાદયની સ્તુતિ લે
આરતીમાં માતાનાં નવલાં નામો

પ્રસંગને અનુરૂપ રહે એનું રૂપ, સ્થાન પ્રમાણે
કરે વસ્ત્ર પરિધાન

પાટોત્સવમાં પચરંગી પહેરવેશ, ઘરમાં ઝભ્ભો અને પાયજામો
સંનિધિ વિશારદ પ્રકૃતિ કૃતાર્થ, ધ્રુતિ ભસ્માંગ, સ્તુતિ પ્રહર્ષ અને સર્વેશ્વર
અન્યને અનુભવ નવો બોલે તો પડે જીભમાં લકવો, રાખે એવા ભવ્ય નામો

કલમ ચલાવે (ઘરનો હિસાબ), કડછી હલાવે (દાળમાં) અને બરછી હુલાવે (દૂધીમાં)
સંસ્કારી નાગર સહજતાથી કરે નમણી નાગરાણીનાં વિવિધ કામો

ધ્યાન દોરું ખાસ, નાગરબંધુ કરે ઉપવાસ, આપવા પંડના પેટને વિસામો
કઠણ રાખી કાળજાને આપે ફક્ત ફળો, રાજગરાની પુરી, શ્રીખંડ ને સામો

અમદાવાદ-અમેરિકા, કચ્છ-કેનેડા, મુંબઈ-મેન્ચેન્સ્ટર, જૂનાગઢ-જમૈકા
નાગરોના વિશાળ ફલકની આ છે ઝલક દુનિયાના ખૂણે ખૂણે એના મુકામો

શશાંક ભૂ. ધોળકિયા

## પરંપરાગત શબ્દો :

### ભોજનને લગતા શબ્દો

૧) અજીઠું ૨) નવેણ ૩) અપરસ ૪) અપૂષણ ૫) અબોટ ૬) માછળ ૭) ઢીંચણીયું ૮) માચી ૯) પાણી-પાટલો ૧૦) અણગો

### નાગરી પરંપરાગત વાસણો :

૧) ઈસકોતરો ૨) ગુલાબદાની ૩) થૂંકણું
૪) કટોદાન ૫) ચરવી ૬) ઝારી
૭) પાનદાની ૮) ઘંટલો ૯) ત્રાંસ ૧૦) કાંસુદ્ધિ
૧૧) બંબો ૧૨) અત્તરદાની ૧૩) મેઘચુ
૧૪) તાંસક ૧૫) ચરૂ ૧૬) ત્રાંબાકુંડી
૧૭) ગંગાજમની ૧૮) ગોમુખી ૧૯) સુરાહી
૨૦) ઉતરડ

### નાગરી પરંપરાગત વસ્ત્રો :

૧) પીળિયું ૨) કસૂંબુ ૩) કલગર ૪) નવેણિયું
૫) ઘાટ ૬) ચીર ૭) ચાંદલીયા ૮) અબોટીયું
૯) બાંટ ૧૦) પટોળું ૧૧) સાળુ

### નાગરી પરંપરાગત દાગીના :

૧) મગમાળા ૨) બોરમાળા ૩) મોરહાર
૪) હાંસડી ૫) ગુલછડી ૬) ચંદનચુડી
૭) ચાક ૮) પગપાન-વેઢ

### માંગલિક શબ્દો :

૧) મંગલાષ્ટક ૨) વૃદ્ધિ શ્રાદ્ધ ૩) ખાજુ
૪) ઢાળોટા ૫) પાડના બોલ ૬) મગના મુહૂર્ત
૭) બરબારોઠો ૮) સાથિયા-માંડલા
૯) જોડકણાં ૧૦) માંડવસોર ૧૧) અખિયાણું
૧૨) સૂર્યપાઠ ૧૩) સ્વસ્તિવાચન ૧૪) પાકના લાડુ ૧૫) પલ્લુ/જોણું ૧૬) બેસરામણી
૧૭) વસંત પૂજા ૧૮) કુંવારા વેવાઈ
૧૯) મો સમાણાનો સામાન
૨૦) સીરોટાની થાળી ૨૧) કું(વડ) તળે

### ઘરને લગતા પારંપરિક શબ્દો :

૧) ગજાર ૨) પરસાળ ૩) ઉબરો ૪) નવેળી
૫) વળગડી ૬) જાળિયું ૭) ટાંકુ - રેંટ
૮) મંડાળ ૯) છીતરી ૧૦) ખાટ ૧૧) ધ્રાબો
૧૨) સંચ ૧૩) પાટિયું (હીંચકો)

### નાગરી પરંપરા / ટ્રેડિશન્સ :

૧) સામાન્ય (દૈનિક)
૧) સુખપાવની (ખીચડી) ૨) કઠ (કઢી)
૩) ચંદ્રચકોરી (વઘારેલ રોટલી) ૪) ચાનકી
૫) બાટુ ૬) દાણો ૭) વેસણભાઈ ૮) સણગા
૯) હલવો (ચલાવી લેવું) ૧૦) અગમગિયું
૧૧) પાટૌડી (ખાંડવી) ૧૨) કાચી કઢી
૧૩) હાંડવો ૧૪) મગમેથી ૧૫) પીઠલું

**૨) શિયાળો :**
૧) ખીચડો ૨) જાદરિયું ૩) રાઈતી ૪) કરોણ ૫) કાટલું ૬) પેણ ૭) સુવા – ટોપરાનો મુખવાસ ૮) રાબડી ૯) રાઈવાટ ૧૦) કાવો

**૩) ઉનાળો :**
૧) કેરીગોળનું શાક ૨) બાફલો (પન્નું)
૩) બફાણું (ફજેતો) ૪) વઘારિયા
૫) કેરી–ગોટલાનું શાક ૬) દુધીયું
૭) લોટિયા ગુંદાં ૮) તકમરિયાં

**૪) ચોમાસામાં :**
૧) અક્કલકરો

**૫) મિષ્ટાન્ન :**
૧) પૂરણપોળી ૨) ખજૂરવાણું ૩) ટોપરા ઘારી ૪) ગોળપાપડી ૫) મીઠો ભાત
૬) ઓરમું ૭) મગદળ

**૬) લાડુ :**
૧) ઉપર ધીના લાડુ ૨) કેળાના લાડુ
૩) રાયણ લાડુ ૪) કરકર

**૭) બાજરો :**
૧) દુધિયો બાજરો ૨) ઘસિયો ૩) ઘસોટ
૪) બાજરાના તેલ ગોળના મુઠિયાં ૫) ઠુમર

**૮) રૂટીન વિશિષ્ટતા**
૧) અડદની લોઢાના લોહ્યાની કાળી દાળ (કાળો દૂધપાક) ૨) અડદની છડીદાળ
૩) ત્રેવટી દાળ ૪) લોઢાના લોહ્યાનું રીંગણાનું શાક ૫) તવાચીરી) કપૂરિયા બટેટા ૭) કાકડી તુરીયાનાં પાતરાં ૮) લેચી

**૯) અથાણાં :**
૧) ડાળા ૨) કેરડા ૩) વાંસગાંઠ ૪) બીલા
૫) બોળગુંદાં ૬) કડવો સંભારો ૭) પીઠું ૮) ખેરો ૯) તલટોપરાની ચટણી ૧૦) પાપડ પૌંઆ ૧૧) સાતુ ૧૨) ચટપટ ૧૩) પ્રેમોદી

સંકલન અને પરિકલ્પના
હેમા શુકલ – જૂનાગઢ

## નાગર સ્વભાવની લાક્ષણિકતાઓ

ચહેરા ઉપર નીચલા હોઠથી દાઢી સુધીના ભાગમાં એક ખાસ પ્રકારની ગોળાઈ દેખાય તો માનવું કે એ વ્યક્તિ નાગર હોવાના ઊજળા ચાન્સ છે. ઘઉંવર્ણ કરતા શ્વેત વર્ણ, આકર્ષક ચહેરો, ઊચું કપાળ વિ. નાગર ચહેરાના સિમ્બોલિક ગણી શકાય અથવા આવા ચહેરા એ વ્યક્તિ નાગર હોવાની ચાડી ખાય. અહીં આપણે તેમના સ્વભાવની વાત કરવી છે. સુજ્ઞ વાચકને જ્ઞાત થાય કે આ લાક્ષણિકતાઓ ૯૦ ટકા નાગરોમાં તો જોવા મળે જ છે અને દરેક વાતમાં અપવાદ હોય છે, એ આપણને બધાને ખબર છે.

સ્વભાવનું પહેલું પાસું મહત્વનુ પાસુ એ મુત્સદ્દીગીરી નાગરો સ્વભાવે મુત્સદ્દી જ ગણાય. ગમે તેવી વિકટ અથવા મુસીબતની પરિસ્થિતિમાં માનસિક સમતુલા જાળવી, બુધ્ધિ અને લાગણી વચ્ચેનો યોગ્ય રેશિયો જાળવી અને અંતે સફળતાપૂર્વક નિર્ણયાત્મક અભિગમ અપનાવવો એ નાગરોના સ્વભાવની સૌથી પહેલી લાક્ષણિકતા, જે નાગરોને બીજી જ્ઞાતિના લોકોથી અલગ તારવી બતાવે છે. બીજું મહત્વનું પાસું એ મધુરવાણી. એવુ કહેવાય છે કે મોટા ભાગના નાગરોની જીભ ઉપર મા સરસ્વતી સાક્ષાત બિરાજમાન છે. નાગરોની મૂળ વાણી જ મધુર વળી તેમાં શબ્દોનો પ્રયોગ, વાક્યોની ગૂંથણી અને રજૂઆતની પરિપકવતા ભળે ત્યારે સોનામાં જાણે સુગંધ ઉમેરાય અને વાતને સામી વ્યક્તિના ગળે ઉતારવામાં ખૂબ જ મદદરૂપ થાય છે. આજની દુનિયામાં જ્યારે સમસ્યાઓ અપરંપાર છે ત્યારે આવી મધૂર વાણી અને ઉપર જણાવેલ મુત્સદ્દીગીરીની જુગલબંધી હકારાત્મક પરિણામ જ લાવી શકે.

પ્રતિભાશાળી દેખાવ અને સર્વમાન્ય રીતભાત એ નાગરોના સ્વભાવ અને રજુઆતનું એક બીજું પ્રબળ પાસું છે. આપણે જેને એટીકેટ કે મેનર્સ કહીએ છીએ એ નાગરોમાં જન્મજાત હોય છે. સ્થળ, સમય અને સંજોગો પ્રમાણેની

યોગ્ય રીતભાત નાગરોમાં ઊભરી જ આવે જેને કારણે વ્યક્તિગતરૂપે પણ એ વ્યક્તિ સ્વીકાર્ય બની રહે.

કલા પ્રત્યે નાગરોને બહુ ઊંડી રૂચિ જોવા મળી છે. કલા એટલે સંગીત, નાટક, લેખન, નૃત્ય, વાક્છટા કે અવલોકન કોઈપણ જાતની કલા હોય પણ એ ચોક્કસ કલા જેમાં નાગરજનને અભિરૂચિ છે. તેમ પારંગતતા એ સ્વાભાવિક રીતે આવી જતી જોવાઈ છે. આને આ એક વાત અહી યાદ કરવી જરૂરી છે કે તે લાગણીશીલ છે. એ લોકાની જીવન બુધ્ધિમાં હૈયાના સાદનો ને ઊર્મિઓના ઉભરાને અને પ્રેમની કુમાશને અસીમ સ્થાન હોય છે. ક્યાંક અભિવ્યક્તિની કચાશ પણ એ લાગણીશીલતાને નાથી શક્તિ નથી.

એક વિશેષ વાત જે આજ સુધી નાગરોમાં બહુ ખાસ રીતે જોવાઈ છે તે એ કે ઉંમર ગમે એટલી થાય પરંતુ નાગર સંતાનો એમનાં માતા-પિતાનાં આજ્ઞાંકિત જોવા મળે છે. માતા-પિતા, વડીલોનું માન રાખવું એમને સુયોગ્ય માનપાન આપવું એમની ઈચ્છાઓ થાય એટલી પૂર્ણ કરવી. આ વાત બીજી જ્ઞાતિના લોકોની સરખામણીએ નાગર જ્ઞાતિમાં વિશેષપણે જોવા મળે છે.

પ્રભુમાં અસીમ શ્રધ્ધા અને પ્રભુ સાથે કેળવેલુ / વિકસાવેલુ એક અદ્ભુત તાદાત્મ્ય નાગરોના સ્વભાવની એક આઈ કેચીંગ લાક્ષણિકતા છે. સ્વભાવે ધર્મિષ્ઠ એવા નાગરોના પૂર્વજ પૂજ્યશ્રી નરસિંહ મહેતાની પ્રભુભક્તિ આપણાથી ક્યાં અજાણી છે? કુંવરબાઈનું મામેરૂં આનો પ્રત્યક્ષ દાખલો છે. આબુ પાસે આવેલા પ્રખ્યાત યાત્રાધામ અંબાજીમાં નાગરો માટે નિજમંદિરમાં પૂજા કરવા માટે અલગ સુવિધા આપવામાં આવી છે. શિવ-શક્તિ પ્રત્યેની નાગરોની આસ્થા અને શ્રધ્ધા અતૂટ રહી છે.

સંક્ષેપમાં બીજા વિશેષ ગુણો જોઈએ તો તેમાં નિષ્ઠા, ખુમારી, ભ્રષ્ટાચારથી દૂર સ્વબળે પ્રગતિ કરનાર અને કોઈ પણ કામ કરવામાં નાનપ નહિ. આ બધાને ચોક્કસ સ્થાન મળે. હવે થોડા નજીક આવીએ, નાગર ભાઈઓ અને બહેનોનો સ્વભાવ થોડો અલગ પડે ખરો, આમ તો કહેવાય છે કે નાગરોના ઘરમાં નાગરાણીઓનું જ ચાલે (એટલે ક્ક દ્દ્ર ઢ્ઢડ ઙ્કમ્મ થ્રુ ઋ ઢથ્દ્રમડ દ્દ્ર્હ ક્ક ઢદ્દધડ ઋ ્રઙ્કડ મ શ્રડદ્ગત્રણમમણથ્ થ્ર મદ્દદ મથ્ર જેવું ખરૂં) નાગર બહેનો સ્વભાવે દથ્મમડમમણધડ સાવ કપટરહિત આચારવિચાર સાથે પણ પોતાની વાત મનાવવા માટે પોતાની કુશાગ્ર બુદ્ધિથી નાનોમોટો દાવ અજમાવી જાણે, વગર બોલ્યે પોતાના વર્તનથી ધાર્યુ પણ કરે. આનાથી અલગ નાગર ભાઈઓ એટલે બીજા ભોળા નરસિંહ મહેતા. વ્યવહારની સાથે સાથે રસોડે પણ કુશળતા બતાવી જાણનાર નાગર ભાઈઓ વિચક્ષણ અભિગમ તો ધરાવતા જ હોય અને વળી લટકામાં પેલી મુત્સદ્દીગીરી તો ખરી જ !

જ્ઞાતિપ્રથાની ટોચ ઉપર બિરાજતી આ કોમે આજ સુધી તો તેના અગ્રિમ સ્થાનને શોભાવ્યું છે. અગણિત નાગર રત્નોએ એમની કીર્તિ વિશ્વમાં પાથરી છે...તો ચાલો...આપણા વડવાઓએ શોભાવેલ સ્થાનની એ શોભા ઝાંખી તો ના જ પડવા દઈએ...બલકે એને વધુ ને વધુ પ્રજવલિત કરીએ....

ચિરાગ કિરીટ બક્ષી
વડોદરા

## ના-ગા-ર

(દોહરા)

ના જતાં ગર દર્દનું, ઉત્તમ ભેષજ જાણ
ગ કાર છોડે નાર માં જગજનનીનું ધ્યાન
ર રહિત ભૂષણ બને, મહાદેવનું નાગ
ત્ર્યક્ષર નાગર પ્રણવ સમ, કરે જીવન સુહાગ।

નાગ, ગર ને નારનાં, તેજ જિરવવા કાજ
નીલકંઠ બનવું પડે, નહીં કાયરનો સાજ,
નાગ વડે શિવશંકરા, નિંદા-ગર ધરી કંઠ
નાર જટામંડિત કરે, ગંગાધર ભગવંત

પ્રાણલાલ મો. બુચ

## કૃષ્ણસખા દયારામ

આપણે ત્યાં આપણી ધાર્મિક પરંપરાઓમાં એ પર્વોની સાથે ભક્તિ સંગીત સંકળાયેલ છે. આ બધા પર્વોમાં નવરાત્રિ વિશેષકર સંગીતમય છે.

આપણે ત્યાં લોકબોલીમાં ગરબા અને ગરબી એમ બે શબ્દો આ દિવસોમાં સાંભળવા મળે છે. પણ આ બન્ને શબ્દનો ભેદ કેટલાક અંશે જાણવો રહ્યો. લોકગીતનો ભાતીગળ પ્રકાર એવી ગરબી એ આપણા મધ્યકાળનું ઉર્મિકાવ્ય છે. નરસિંહથી દયારામ સુધી ગરબી કહી શકાય એવાં પદો મળે છે. દયારામે ગરબીના સ્વરૂપને વિસ્તારીને આકારસૌષ્ઠવ, લયમાધુર્ય આપતાં પદ અને ગરબીના ભેદો સ્પષ્ટ રીતે જુદા થયેલા જોવા મળે છે.

વાંચક મિત્રો ભક્તકવિ સદ્‌ગહસ્થ નાગર શિરોમણિ દયારામ વિશે થોડું જાણીએ.

કવિશ્રી દયારામનો જન્મ આશરે ૧૭૭૭માં ચાણોદમાં થયો. બહુજ નાની વયે તેમનાં માતા-પિતાના અવસાન થતાં તેમનો ઉછેર તેમના નજીકનાં સગાંસંબંધીઓએ કર્યો. પરંતુ પિતાના અવસાન પહેલા દયારામ સંસ્કૃત તેમના પિતા પાસેથી શિખ્યા.

ખૂબ જ Attractive Personality અને તેથીય વિશેષ મા સરસ્વતીની કૃપા, ખૂબ જ કર્ણપ્રિય અને રણકતો અવાજ આવા દયારામજી જ્યારે મુગ્ધ થઈ ગાતા ઈબાદત કરતા.

હરિ જેવો તેવો હું દાસ તમારો આ પંક્તિઓ આજે પણ એટલી જ સહજ લાગે છે. નજર સમક્ષ દયારામનો આકર્ષક ચહેરો તરી આવે અને તેમાં આપણને કોઈ ઓલિયા પીર કે ફકીરનાં જ દર્શન થાય કહે છે.

હદ તપે સો ઓલિયા
બેહદ તપે સો પીર
હદ બેહદ દોનોં તપે
સો કહેલાયે ફકીર

દયારામ તો ફકીરથીયે વિશેષ હતા. તેર વર્ષની વયે જ તેઓ હિન્દુ ધર્મની પુષ્ટિમાર્ગ તરફ વળ્યા અને વૈષ્ણવ પ્રભાવે દાયારામજીને પાઠ ની દ્દ લાઈન લખવા પ્રેરિત કર્યા જે રાગ ધવલ ધનાશ્રીમાં છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં દયારામનું સ્થાન નરસિંહ મહેતા તેમજ મીરાની સાથે જ લેવાય છે. દયારામ શ્રી કૃષ્ણને એક માનવી તરીકે જ માનતા અને એટલે જ તેમને મન શ્રી કૃષ્ણ ભક્તિના જ નહી દોસ્તીના દેવ હતા. દયારામની જેમ જ શ્રી કૃષ્ણ દરેક ભક્તને પોતીકા લાગે એવા હતા. મારા એક શિક્ષક મને કહેતા. શ્રી રામ સાથે વાત કરવી હોય તો એમની મર્યાદા જાળવીને કરવી પડે. શિવજી ભલે ભોળાનાથ રહ્યા પરંતુ કૃષ્ણ તો આપણા દોસ્તાર હોય એમ એના ખભે ધબ્બો મારીને કેમ છે દોસ્ત એવું પૂછી શકાય. એમને ઈગો વચ્ચે લાવ્યા વિના સામેવાળી વ્યક્તિ સાથે એના જેવા જ થઈને વાત કરતાં આવડતું હતું તેથી જ દયારામ કહેતા ચિત્ત શું શીદને ચિંતા ધરે?

ગરબો અને ગરબી નવરાત્રિનાં દેવી પૂજાના ઉત્સવ જોડે સંકળાયેલાં હતા. ગરબાની જેમ ગરબી પણ પાત્રપરત્વે (દીવો પ્રગટાવવાની લાકડાની ઘોડી) નામ હતું. દયારામની જે ગરબીઓ ઉપલબ્ધ છે, તેમાંનો મોટો ભાગ કૃષ્ણગોપીની શ્રૃંગારક્રીડા વિષયક કે બાળલીલા વિષયક હોઈ ગરબીનો સંબંધ વિશેષતઃ કૃષ્ણભક્તિ જોડે મનાયો. એકત્રિત રસની ભાવપ્રધાને એવી દેશી સંગીતની રચના તે ગરબી. વિચાર, ભાવ અને પ્રસંગમાં સંપૂર્ણ કાવ્ય, ગરબીમાં શૃંગાર મુખ્ય રસરૂપે વિસ્તરતો જોવા મળે છે. રાધા અને ગોપીઓનો ઉત્કટ કૃષ્ણપ્રેમ મુખ્યત્વે ગરબીઓનો વિષય બન્યો છે.

ગરબાની જેમ, ગરબીમાં પણ પૌરાણિક સમાજજીવનનું દર્શન, સમકાલીન વ્યવહારચિત્ર જોવા મળે છે. સાસરિયાનો ત્રાસ વગેરે ગોપીમુખે દર્શાવાતાં, પણ ભક્તિનું મૂળ સ્વરૂપ જળવાતું. લોકસાહિત્યનાં ગરબા-ગરબીમાં

પણ પૌરાણિક પાત્રો લઈને કાલ્પનિક કથા રચાયેલી દ્રષ્ટિએ પડે છે. (રૂડા રામની ગરબી) લોકસાહિત્યમાં ઈષ્ટ દેવસ્તુતિ કે મંગળાચરણનો શિષ્ટાચાર હોઈ ગરબીમાં કથાની સીધી જ શરૂઆત થાય. સંવાદ અને સંદેશનાં તત્વો ગરબીમાં વિશેષ હોય છે. ગરબીઓ ગીત છે. એમાં સંગીતના તાનપલટા વગેરેને અવકાશ નથી. એમાં સ્વીકારાયેલા રાગ શુધ્ધ ન હોતાં કાંઈ ને કાંઈ મિશ્રણ પામેલા હોય છે. ગરબો શબ્દ ગર્ભ પરથી આવ્યો છે.

દયારામજી આજીવન અવિવાહિત રહ્યા, પરંતુ પાછલી ઉમ્મરમાં તેઓ એક વિધવા રતન સોનારણના સંપર્કમાં આવ્યા. રતન સોનારણ તેમની શિષ્યા બન્યાં અને દયારામજીનું ધ્યાન દયારામજીના અવસાન સુધી રાખ્યું. દયારામજી તેમની અસંખ્ય ભારત યાત્રાઓથી પ્રભાવિત રહ્યા તેમને મુખ્ય માર્ગદર્શન શ્રી ઈચ્છારામ ભટ્ટ પાસેથી મળ્યું, જે હવેલી સંગીતમાં પરિણામ્યું. દયારામજીની અંતિમ યાત્રા ૧૮૯૮માં શ્રીનાથજીની હતી. તેઓ ગંભીર બિમાર થયા અને ૧૮૯૮માં અવસાન પામ્યા. ભક્ત શિરોમણિ નરસિંહ મહેતાજી અને મીરાની તુલનામાં દયારામ વિશે ઓછી માહિતી છે. પરંતુ મહાતાજી અને મીરાની જેમ તેમનું જીવન હ્રટ્ટપ્ર દટડદ્ણઠપ્ર ટ્ટુ ઊંડધટ્દ્ણટ્ટ હટાું દયારામજી કહેતા : ક્યારેય પણ લાગે કે જીવન જીવવા જેવું નથી દુ:ખોનો પાર નથી ત્યારે બે ઘડી થંભી આજુબાજુ નજર ફેરવી જોજો શ્રી કૃષ્ણ ક્યાંક આસપાસજ હશે.

ભદ્રાયુ વૈષ્ણવ
મુંબઈ

## સૌરાષ્ટ્રમાં નાગરોના પણ પાળિયા છે.

જૂના નાગરોનું ચિત્ર સ્પષ્ટ છે. હાથની આંગળી ઉપર વીંટી હોય, એક વાસ અથવા વસ્ત્ર પહેરેલું હોય જે પીતાંબર કે ધોતિયું હોય. બીજું ઉત્તરીય અથવા ઉપવસ્ત્ર જે સુવાસિત હોય, નાગરોને સુવાસ–અત્તરનો શોખ હતો અને છે. ગોરો વાન અને ચાલવાની અનેરી છટા, વતનમાં જાય ત્યારે ધોતિયું જ પહેરે. પંગતમાં જમવા બેસે. લાડુ દૂધમાં બને. ભોજનમાં કાંદા કે લસણ નહીં જ. ધુમ્રપાન–મદિરાપાનનો નિષેધ, ભોજન જ્ઞાતિબંધુઓ જ બનાવે. સંસ્કૃતપ્રચુર ભાષા, ગુજરાતી પણ સ્વચ્છ, શુધ્ધ બોલે – જાણે નાક ઊંચું રાખીને જ ના બોલતા હોય! વ્યવસાય ભાગ્યે જ કરે. મોટા ભાગે સરકાર નોકરીમાં જ હોય. (એક નાગર મુરબ્બી એ કહ્યું હતું કે અમને રેવન્યુ સ્ટેમ્પ બહુ ગમે!) પૂજા–હવનના ચુસ્ત, દરેક ગુજરાતીએ ઘરમાં રાખવું જ પડે એવા અદભુત પુસ્તક મહાજાતિ ગુજરાતી માં નાગરો વિશે સાહિત્યકાર ચંદ્રકાન્ત બક્ષીએ લખ્યું છે કે નાગરો જેટલા વ્યવસ્થિત અને લિજ્જતદાર વ્યક્તિત્વો જડવાં મુશ્કેલ છે. એકદમ સીધાસાદા અને સરળ લોકોમાં નાગરનું નામ પ્રથમ આવે. કામથી કામ, ખોટો વાદ–વિવાદ નહીં. સજ્જનતા, સરળતા અને સહૃદયતામાં જાણે પારસીઓની હરીફાઈમાં ઊતર્યા હોય એવું લાવે. નાગરો દુનિયાભરમાં વસ્યા છે. અને તેમના યોગદાનની વાતો ટેબ્લોઈડના એકાદ પાનામાં પાથરીને આપવી એ દરિયાને કળશ્યા (લોટા) માં ભરવા જેવો પ્રયત્ન થાય. બક્ષીબાબુ લખે છે નાગરોએ બીજું કંઈ જ ન આપ્યું હોત તો પણ નાગરી લિપિ માટે એ ઈતિહાસમાં અમર થઈ ગયા હોત! નાગરોની સંસ્કારયાત્રાના એક નહીં પણ એક હજાર માઈલસ્ટોન સ્થપાયા છે, પરંતુ નાગરોની ખાંભી કે પાળિયા હોય એવું ખાસ કોઈ જાણતું નથી. જોકે બક્ષીબાબુએ મહાજાતિ ગુજરાતી માં કલમ, કડછી અને બરછી એ નાગરસૂત્ર ટાંકતા લખ્યું છે કે નાગરો ફક્ત બોલવામાં જ નહી પણ યુદ્ધમાં પણ શૂરાતન દાખવતા.

ગુજરાતીમાં પ્રથમ નવલકથા (કરણ ઘેલો) લખનાર નંદશંકરથી માંડીને ક્રિકેટર વિનુ માંકડના તેજોલયમાં યુદ્ધના મેદાનમાં ઊતરેલા નાગર વીરપુરૂષ વિશે આજ સુધી ખાસ લખાયું નથી. સૌરાષ્ટ્રના ઈતિહાસમાં દીવાન અમરજી, તેના પુત્રો રઘુનાથજી અને રણછોડજી, ગોંડલના ઈશ્વરજી બૂચ, તેના પુત્ર વાસણજી

બૂચ જેવા યુદ્ધવીરોનાં પરાક્રમો આલેખાયાં છે. નાગરોનું એક સૈન્ય પણ હતું. ઉત્તર ભારતનાં નાગરોનો એક સમૂહ આજે પણ સિપાહી નાગર તરીકે ઓળખાય છે. નાગરી એટલે પાનદાન અને હીંચકાની ઠૈસી જ નહીં, એવું ઈતિહાસના અભ્યાસુઓ કહી શકે. સૌરાષ્ટ્રના પ્રતિષ્ઠિત ઈતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈએ તો પોતાનાં છ પુસ્તકોની શ્રેણી ઈતિહાસ દર્શન (ભાગ ૧) માં એક આખું પ્રકરણ નાગર શૂરવીરો પર લખ્યું છે. તેમના કહેવા પ્રમાણે નાગરો વેદના અધિકારી અને યજ્ઞોપવિત પહેરનારા છે એટલે તેમના પાળિયા થાય નહીં અને ખાંભી પણ જવલ્લે જ જોવા મળે છે. જોકે આમાં અપવાદ છે. માળિયા હાટી પાસેના કિંદરવા ગામે કારડીયા રાજપૂતો સામે રહીને લડેલા બ્રાહ્મણની ખાંભી છે. સોમનાથ (પ્રભાસ પાટણ)ના કિનારે ત્રણ નાગરોની ખાંભી છે. એક ખાંભી વેરાવળથી પ્રભાસ પાટણ જતા નવા કુંભારવાડા પાસે, માધવપુર ઘેડમાં માધિવરાય મંદિરનું રક્ષણ કરવામાં વીરતા પ્રાપ્ત કરનાર રણછોડરાય નામના નાગરની ખાંભી પણ છે. ઈ.સ. ૧૬૮૫માં ગુજરાતના સૂબા તરીકે શુજાત ખાન (કાતરલબ ખાન) નિમાયો તેણે ૧૬ વર્ષ રાજ કર્યું હતું. ૧૭૦૧માં તેનું અવસાન થયું એટલે ઓરંગઝેબે પોતાના ત્રીજા પુત્ર શાહજાદા આઝમશાહને ગુજરાત અને જોધપુરનો સુબેદાર બનાવ્યો હતો. આઝમ શાહ અમદાવાદ આવ્યો ત્યારે ભદ્ર (નો કિલ્લો) નું નિવાસ સ્થાન તેને ગમ્યું નહોતું એટલે તેણે રૂસ્તમબાગ અને ગુલાબબાગ ખાતે નવાં શાહી રહેઠાણ બાંધવા હુકમ આપ્યો હતો, અને એ બંધાય ત્યાં સુધી એ તંબુમાં રહ્યો હતો. (સંદર્ભ : ગુજરાતનો રાજકીય અને સાંસ્કૃતિક ઈતિહાસ મુઘલકાળ, ગ્રંથ – ૬) એ વખતે ઔરંગઝેબની ઉંમર ૮૪ વર્ષની હતી. તેણે દરેક સૂબાને મોકલેલાં અનેક ફરમાનોનું એક ફરમાન એવું પણ હતું કે જ્યોતિષીઓએ પંચાંગ બનાવવું નહીં અને જો સોમનાથના મંદિરમાં હિન્દુઓ પૂજાપાઠ કરવાનું ચાલુ રાખે તો સંપૂર્ણ મંદિરનો નાશ કરવો. શાહજાદા આલમશાહે આ ફરમાનના અમલ માટે મલેક જીપા નામના સરદારને પ્રભાસ પાટણ મોકલ્યો હતો. તેને સમજાવવા માટે ગામના બ્રાહ્મણો, મહાજનો અને દેસાઈઓ ગયા હતા. મલેક જીપાએ આ લોકો સામે ગૌહત્યા કરી એટલે હિન્દુઓ ઉશ્કેરાયા. સૈનિકો ભાગી ગયા પણ થોડા વરસ પછી બદલો વાળવા મલેક જીપાનો પુત્ર મલેક ખાન પ્રભાસ પાટણ પર ચઢી આવ્યો. ગામના નાગર દેસાઈ મહાવજી ગણપતે દરવાજા બંધ કરાવી દીધા અને લોકોને લડી લેવા માટે તૈયાર કરી દીધા પણ અફસોસ ગામના જ કેટલાક વિશ્વાસઘાત કરી લશ્કરને અંદર આવવા દીધુ. મહાવજી અને તેમના ભાઈઓએ કટ્ટર લડત આપી પણ પ્રાણ ગુમાવ્યા. શંભુપ્રસાદ લખે છે કે મલેક ખાન આટલેથી જ અટક્યો ન હતો. તેણે મહાવજી દેસાઈનું ઘર લૂંટયુ અને તેના કુળદેવતાને પગ નીચે કચડયા, ગૌવધ કર્યો અને આખું નગર લૂંટી આતંક મચાવ્યો. હદ તો ત્યારે થઈ જ્યારે તેણે મહાવજી તેના ભાઈઓ કલાગુરૂ અને એક સેવકના અગ્નિસંસ્કાર થવા દીધા નહી. અનેક વિનવણી બાદ તેણે શરત મૂકી કે આ પાંચેય વીરપુરૂષના અગ્નિસંસ્કાર સ્મશાનમાં ન કરવા. મહાવજીના પુત્ર સૂરજમલે ત્યારબાદ ફૂટેલ લોકોને સજા કરી, પિતા અને કાકાના અગ્નિસંસ્કાર સ્થળે ખાંભીઓ ઊભી કરી હતી. અત્યારે પ્રભાસ પાટણમાં તે સ્થળ નાગરોના સ્મશાન તરીકે ઓળખાય છે. માધવપુર દોડમાં આવેલી રણછોડરાયની ખાંભીની વાત પણ રસપ્રદ છે. કહેવાય છે કે ઈ.સ. ૧૭૨૭માં અમજાવાજના સૂબા તરીકે ઉડાઉ અને શોખીન અરબુલંદ ખાન આવ્યો. એણે જ્યારે માધવરાયના મંદિરનો ધ્વંસ કરવા માટે ચઢાઈ કરી ત્યારે રણછોડરાય નાગરે એકલે હાથે લડત આપી શહીદી વહોરી લીધી. પાછી તેની ખાંભી બની. નાગરોની ત્રીજી ખાંભી પ્રભાસપાટણ અને વેરાવળ પાસેના કુંભારવાડા નજીક છે. ઈ.સ. ૧૮૭૬માં વેરાવળના પ્રભુદાસ નાગર પ્રભાસ પાટણ જવા નીકળ્યા હતા. રસ્તામાં ધાડપાડુઓએ તેમને આંતર્યા અને લૂંટવાનું શરૂ કર્યું. સાથેની એક પ્રવાસી મેમણ મહિલાને લૂંટતા ધાડપાડુને તો ડાંગના એક જ વારથી રામશરણ કરી દીધો. પરંતુ બાકીના

ધાડપાડુઓએ એમના પર હુમલો કરી એમને મારી નાખ્યા. ત્યાં તેમની ખાંભી બનાવાઈ. પ્રભાસપાટણના મહાવજી દેસાઈ, જૂનાગઢના ઈતિહાસકાર શંભુપ્રસાદ દેસાઈના આઠમી પેઢીના પૂર્વજ થાય. એમના કુટુંબીઓ પણ હજુ વેરાવળમાં જ વસેલા છે.

નાગરોના પાંચ 'પ' પ્રસિધ્ધ છે : પાન, પાટિયું, પીતાંબર, પારણું અને પન હવે છઠ્ઠો 'પ' પણ મેરી દેજો પ પાળિયાનો.

સંકલન : સુહાની દીક્ષિત
મુંબઈ

## નાગરોનો ઇતિહાસ અને સંસ્કૃતિ

આ પ્રકરણ બે ભાગમાં વહેચવામાં આવ્યું છે. એક નાગરોનો સામાન્ય ઈતિહાસ અને સંસ્કૃતિ અને બીજો વાસવાડામાં વસતા નાગરો. નાગરો બધા મુળે ગુજરાતી અને નાગરોની મુળ વસ્તી વડનગર, ગુજરાત. નાગરોની ઉત્પત્તિના સબંધમાં વિવિધ વાતો સાંભળવામાં કે વાંચવામાં આવે છે. નાગરબંધુ હાટકેશ્વર વિશેષાંકમાં નાગરોની ઉત્પતિ ઉપર એતિહાસિક અને પૌરાણિક દ્રષ્ટિએ સારો પ્રકાશ પાડવામાં આવ્યો છે. ઇ.સ. ૬૪૨ માં હ્યુ એન ત્સેંગ નામનો એક ચીની પ્રવાસી વડનગર વિશે લખે છે કે ત્યાંની વસ્તી શ્રીમંત છે અને ત્યાં બુદ્ધિશાળી, વિદ્યાવાન અને સંસ્કારી લોકો વસેલા છે. આઈને અકબરીમાં અબુલ ફઝલની નોંધ છે તેમાં જણાવે છે કે વડનગર મોટું અને પ્રાચીન શહેર છે અને તેમાં ૩૦૦૦ મંદિરો છે. વસ્તી બ્રાહ્મણોની છે. અહીં આપણે યાદ રાખવું જોઈએ કે તે સમયમાં નાગરો પણ બ્રાહ્મણોમાં જ ગણાતા હતા. ડૉ. સુબ્બા રાવ જેમણે ત્યાં ખોદકામ કરી શોધ કરી છે તેમનું એમ કહેવું છે કે એ યુગનું પ્રાચીન શહેર આનર્તપુર કે આનંદપુર એ જ આજનું વડનગર. બ્રાહ્મણોની આર્ય વસાહત, વડનગર ઉપર ઇ.સં. ૩૪૮માં નાગ લોકોએ આક્રમણ કર્યુ, ઇ.સં. ૫૮૮માં જ્યારે ગુર્જરોએ ચઢાઈ કરી ત્યારે ઘણા નાગરો પાટણ જઈ ને વસ્યા. ઇ.સં. ૧૧૯૬માં કુતબુદ્દીને વડનગર લુટયું એટલે નાગરોમાંથી ઘણા વડનગર છોડી સૌરાષ્ટ્રમાં જઈ વસ્યા. નાગરોનો ત્રીજો જથ્થો વિ.સં. ૧૨૭૨નો કાર્તિક પૂર્ણિમાએ વગનગરથી નીકળીને જૂનાગઢ ગયો અને તે સમયના જૂનાગઢના રા નવનીઘણનો રાજકારોબાર સંભાળ્યો. દિવાન અમરજી એમ માને છે કે એક જથ્થો ડૂંગરપુર વાંસવાડા તરફ ગયો. ઇ.સં. ૧૫૭૩માં અકબર સેનાપતિ રાજા ભગવાનદાસે વડનગર જીત્યું । આ સંબંધમાં એવી વાર્તા છે કે નરસૈયાની પૌત્રીઓ તાના અને રીરી સંગીતમાં બહુ પ્રવીણ હતી. તે વખતે સંગીતસમ્રાટ તાનસેનનું અકબરના દરબારમાં બહુ માન હતું. તાનસેનના વિરોધી અમીરોએ અકબરને ચઢાવ્યો કે તાનસેનથી દીપક રાગ ગવડાવો. અકબરનો હુકમ થયો, તાનસેને એને વિનંતી કરી કે દીપક રાગ જો એ ગાશે તો શરીર માં અગ્નિ જેવી બળતરા થાશે. અકબરે ન માન્યું અને એણે દીપક રાગ ગાયો. દીપક રાગ પ્રગટ્યા પણ તાનસેન બળતરાથી વિહ્વલ થઈ ગયો. ભટકતો ભટકતો વડનગર આવ્યો. એક વાવડી પાસે મોટા ઝાડ નીચે એણે વિશ્રામ કર્યો. તાના અને રીરી વાવડી માંથી પાણી ભરી ઉપર ચઢી. એમની દ્રષ્ટિ તાનસેન ઉપર પડી. બન્ને બોલી આ તો દીપક રોગ નો દાઝ્યો લાગે છે. તાનસેન સમજી ગયો કે આ સંગીતની નિષ્ણાત આરાધક છે. તાનસેને એમને મેઘમલ્હાર ગાવા વિનંતી કરી.

એમણે પિતાની આજ્ઞા લઈ મેઘમલ્હાર ગાયો, તાનસેનની બળતરા મટી ગઈ, અકબર પાસે જ્યારે આ વાત ગઈ ત્યારે એણે આ બંન્નેને દરબારમાં બોલાવી, નાગર સ્ત્રીઓએ ના પાડી એટલે એણે લશ્કર મોકલ્યું, યુદ્ધ થયું, વડનગર ભાંગ્યું અને તાના રીરીએ વાવડીમા પડી લાજ બચાવી. ઘણા નાગરોએ વડનગર છોડયું, તે પછી મેવાડના મહારાણાએ વડનગર ઇ.સ. ૧૬૬૯માં લૂંટયું. ઇ.સં. ૧૭૨૬માં કંતાજી કદમબડીએ નાગરો ને હરાવ્યા વડનગર બાળ્યું. આવા મરાઠાઓના ત્રાસ થી કંટાળીને તમામ નાગરો વડનગર છોડી ચાલ્યા ગયા. હાટકેશ્વર અંકના તંત્રી લખે છે કે પહેલાં તમામ

બ્રાહ્મણો સાથે ભોજન અને કન્યાનો વહેવાર બ્રાહ્મણો રાખતાં. એક સમય એક ચાંડાળ બ્રાહ્મણોનો વેશ ધરીને નાગર કન્યાને પરણી ગયો. એ પછી ભદ્રિકા નામની સ્ત્રીને નાગલોકો ઉપાડી ગયા. તે પછી બીજા બ્રાહ્મણો સાથેનો રોટી-બેટીનો વ્યવહાર બંધ થયો. નાગરો જ્યાં રાજ્યાશ્રય મળ્યો ત્યાં ગયા અને વસ્યા. નાગરોમાં આ ભૌગોલિક કારણોથી ભેદ પડવા માડયો. પાટણના પટણી, ડુંગરપુરના ડુંગરપુરા, ઈડરના ઈડરિયા. હવે નાગરોમાં ઉંચ નીચ ના ભેદ પણ પડયા. પાટણના નાગરોં પાટણ બહાર કોઈ નાગરને કન્યા આપે તો તેને નાતબહાર કરતા. ઉત્તર ભારતમાં વસેલા નાગરો પોતાને સિપાહી નાગર કહેતા. પછી તો સુરતી, ભાવનગરી, અમદાવાદી, જૂનાગઢી, જામનગરી એવા ભેદ પડયા. તેરમી શતાબ્દી સુધી જે નાગરોં એક હતા તે હવે કેટલાયે પ્રકારથી ઓળખાવા લાગ્યા. એમાંથી તડ પડી ને તિરસ્કાર વધ્યો. હવે તો કોઈ બીજા ગામના નાગર આવે તો ત્યાંના સ્થાનીય પંચ રજા આપે તો જ એને જ્ઞાતિમાં પ્રવેશ મળે એવું થઈ ગયું. જૂના-જૂના રાજ્યના રાજાઓએ નાગરોની સારી મદદ કરી તેથી અમદાવાદ, સૂરત, નડિયાદ, વિસનગર, બાંસવાડા, ડુંગરપુર, ઈડર, ચાણોદ, કરનાલી, લુણાવાડા, પાટણ, ચાંપાનેર, ભાવનગર, જામનગર, જૂનાગઢ, ભુજ વગેરે શહેરોમાં અને રાજસ્થાનનાં રાજ્યોમાં જોધપુર, બુંદી, કોટા, પ્રતાપગઢ વગેરેમાં, ઉત્તર ભારતમાં કાશી, આગ્રા, મથુરામાં, માળવામાં ઉજ્જૈન, ઇન્દૌર, ખંડવા, નસીરાબાદ, ઔરંગાબાદ, બુરહાનપુરમાં નાગરો જઈને વસ્યા. આટઆટલાં આક્રમણો થયાં પણ નાગરોએ ધર્મ પરિવર્તન ન કર્યું. વડનગર ભાગતાં વડનગરથી એક જથ્થો નૈઋત્યખૂણે આવેલ વાલક પહોંચ્યો અને નદીકાંઠે ઋષિ બાલખિલ્વની તપોભૂમિમાં શાંતિથી રહેવા લાગ્યો. માલવામાં વસેલા નાગરો મૂળ અહી થી જઈ માળવામાં વસ્યા. એ સંબંધમાં સૂરતના ઈશ્વરલાલજી રતનલાલજી પોતાના સત્યપ્રકાશ ગ્રંથમાં લખે છે. કે સંવત્ ૧૪૯૨માં યવન બાદશાહા ના ઉપદ્રવ ના ભયથી હજારો નાગરો વાલક પરગણેથી માળવામાં જઈને વસ્યા. શાજાપુર, નિવાસી હિંદીના પ્રખ્યાત કવિશ્રી ગોવિંદરામજી ટીકારામજી પોતાના ગ્રંથ લંબોદર લિલામ્બુ નિધિમાં લખે છે કે મુસલમાની રાજ્યમાં પ્રજા પણ ઘણો જુલ્મ ગુજારવામાં આવ્યો તેથી અમારા પૂર્વજ નાગરો ૧૪૦૦ ગાડા ભરીને માળવા જઈ વસ્યાં. અમને અમારા નામ નાગર અમોરો ઈષ્ટ હાટકેશ્વર અને અંબિકા અને નરસિંહ મહેતા ના નામ ઉપર ગૌરવ છે. આ કવિ ના વંશજ આજ પણ રતલામ અને શાજાપુરમાં છે. મધ્યપ્રદેશના ભૂતપૂર્વ મંત્રીશ્રી શ્યામસુંદરજી પાટીદારના પૂર્વજો નાગરોને મળવા ગયેલા તેમને ઘેર એક જૂના ચોપડામાં લખેલું છે મુસ્લિમ બાદશાહના જુલ્મથી ભ્રષ્ટ થવા થી બચવા સંવત્ ૧૪૧૨ માં નાગરો કુકા મહેતાની સરદારીમાં સૈકડો ગાડા ભરી માળવામાં આવ્યાં. આ કુકા પ્રસ્થાન વંદનીય છે. માળવામાં કુકા મહેતાએ લસુડિયા ગામ વસાવ્યું. એ આપણી સાહસિકતા અને ધર્મપ્રિયતાનો પુરાવો છે.

આરંભમાં નાગરોમાં ૬ ભાગલા પડયા. વડનગરમાં છેલ્લે સુધી રહ્યા તે વડનગરા. વિશળ દેવે વિસનગર આપ્યું. ત્યાં જઈ વસ્યા તે વિસનગરા. ગામ સાઠોદમાં જઈ વસ્યા તે સાઠોદરા. ઇ.સં. ૭૧૨માં મહંમદ બિન કાસિમે સિંધ જીત્યું એ સમયમાં બાપા રાવળનો જન્મ થયો તેને કાળભોજ પણ કહે છે. ડૉ. ભાંડારકર ના મતે તે વડનગરમાં ઊછરેલી નાગર બ્રાહ્મણ હતો. જ્યારે યવનોએ વલ્લભીનો વિનાશ કર્યો ત્યારે એક સ્ત્રી અંબાજી યાત્રાએ આવી. તે સ્ત્રીને ગર્ભ હતો તેથી તે વડનગરમાં નાગરોને આશ્રયે રહી. પુત્રનો પ્રસવ થયો તે પછી પોતાનો પુત્ર નાગરોને સૌંપીને એ સતી થઈ ગઈ. એ બાપા રાવલ, નાગરો એ તેને ઈડરની ગાદી અપાવી. તે પછી એને ચિત્તૌડમાં થાપ્યો. જે નાગરો ચિત્તૌંડમાં રહ્યા તે ચિતોડા કહેવાય. પ્રશ્ન પૂછનારા નાગરો પ્રશ્નોરા થયા અને કૃષ્ણ ગામના નિવાસી કૃષ્ણોરા કહેવાયા. સ્કંદ પુરાણમાં હાટકેશ્વર ક્ષેત્રનું માહાતમ્ય આપ્યું છે (નાગરખંડ) સ્કંદપુરાણમાં જે આનર્તપુર ક્ષેત્ર બતાવ્યું છે તે જ હાટકેશ્વર

ક્ષેત્ર એટલે કે વડનગર આસપાસનો પ્રદેશ. સતીએ દક્ષના યજ્ઞમાં પોતાનો દેહ ઉત્સર્ગ કરી નાખ્યો હતો. ભગવાન શંકર સતી વિરહથી વ્યાકુલ થઈ ભટકી રહ્યા હતા. માર્ગે જતાં મૃગછાલા અને વ્યાઘ્રચર્મ શરીરથી સરકી પડયાં હતાં । ભગવાન શંકર ઋષિકુલોમાં ભિક્ષા માંગી રહ્યા હતા. દેહભાન નહોતું રહ્યું. શંકરને નિર્વસ્ત્ર જોઈ ઋષિ નારીઓ તેમના ઉપર મોહિત થવા લાગી.

સતી વિયોગ સંભ્રાંતો ભ્રમ માયા ઇતસ્તતઃ નગ્ના કપાલમાદાય ભિક્ષાર્થે પ્રતિવેશતઃ। અથ તદ્રૂપમાલોક્ય તાપસ્ય કામમોહિતા શિવેન સહમાર્ગે વૈ બ્રભ્રભુસ્ત્યલૌકિકાઃ ।। ઋષિઓ આ જોઈ ક્રોધિત થયા અને શંકર ને શ્રામ આપ્યો

યસ્માત્ ક્રૂરંકૃતં કર્મ તસ્મલ્લિંગ પત્તત્વિર હે શંકર ! તમે ઉચિત નથી કહ્યું એટલે તમારૂ શિવલિંગ પડી જાય. શિવલિંગ પડીને પાતાલમાં પેસી ગયું. ત્રિલોકમાં આથી ઉત્પાત વધ્યો. બ્રહ્મા, વિષ્ણુ, ઈન્દ્રાદિ દેવોએ સ્તુતિ કરી અને કૃપા કરવા વિનંતી કરી. મહાદેવે કહ્યું । સતીના વિયોગના કારણે આવું બન્યું છે. આજથી દેવો અને માનવો મારા શિવલિંગની પૂજા કરશે તો સૃષ્ટિના ઉત્પાત થમી જશે. બ્રહ્મા બોલ્યા હૂં પોતે જ પૂજા કરીશ. બ્રહ્મા એ સોનાનું શિવલિંગ બનાવ્યું અને પૂજા કરી । સોનું એટલે હાટક ત્યારથી હાટકેશ્વર કહેવાયા આ પ્રમાણે.
હાટક અ ઈશ્વર ઇં હાટકેશ્વર
હાટક પ્રચાર્થે મય ઇં હાટકમય (સોના નું બનાવેલું)

ગોદાવરી તીરથે શિવલિંગ ભેદે, એતસ્મિનન્તે પ્રાપ્તા દેવર્ષિ પાર્થિયાઃ એ જાતના નાગરોના ઇષ્ટદેવનું સ્વરૂપ તે હાટકેશ્વર કહેવાય. વડનગરમાં હાટકેશ્વરની સ્થાપના ઇ.સં. ના ત્રીજા સૈકામાં થઈ હોય એમ મનાય છે. આપણે હાટકેશ્વરનો ઉત્સવ ચૈત્ર શુક્લા ચૌદશે મનાવીએ છીએ. એ ઉપર થી માન શકાય કે હાટકેશ્વરનો પ્રથમ સ્થાપના ચૈ.શુ. ચૌદસે થઈ હશે. સ્કંદપુરાણ ઉપરાન્ત હાટકેશ્વર નો ઉલ્લેખ શિવપુરાણ અ. ૪ કોટિદ્ર સંહિતા અ ૧૨, વામન પુરાણ અ. ૬૩-૬૫ ભાગવતમાં પુરાણ સ્કંધ-૫ અ. ૨૪માં પણ છે. બાપા રાવલ પણ નાગર હતા તે પછી યાજ્ઞવલ્ક્ય પણ નાગર એમનો આશ્રમ વડનગરમાં હતો. એમણે ચમત્કારપુર (વડનગર) માં ઋષિ શાકલ્ય પાસે વેદાધ્યયન કર્યું. એમ કહેવાય છે કે આનર્ત દેશનો રાજા સુપ્રિય ચમત્કારપુર આવ્યો. ઋષિ શાકલ્ય રોજ પોતાના એક શિષ્યને ત્યાં યજ્ઞ કરાવવા મોકલતા. એક વખત યાજ્ઞવલ્ક્યને મોકલ્યા. રાજા ના અનુચિત વર્તનથી યાજ્ઞવલ્ક્ય નારાજ થયાં. બીજે દિવસે રાજાએ ફરી થી બોલાવ્ય પરંતુ તે ગયા નહી. આ કારણે ગુરૂથી વિવાદ થયો. યાજ્ઞવલ્ક્ય ગુરૂ અને ઋગ્વેદનો ત્યાગ કર્યો અને યજુર્વેદ પારંગત દ્વૈપાયન પાસે ગયા. ત્યાર પછી સૂર્ય ની ઉપાસના કરી તે પછી ગૃહસ્થાશ્રમ સ્વીકાર્યો. જનકરાજા ને દરબારમાં એ બહ્મવેત્તા સ્થાપિત થયા. યોગીશ્વરની પદવી પામ્યા. વડનગરમાં એક નાની નદી કપિલાના તીરે તેમનો આશ્રમ હતો.

એવી જ બીજી નાગર વિભૂતિ મંકણ. એ અહિછત્રથી ૧૮ નાગર બ્રાહ્મણો લાવીને કુંતલ દેશમાં વસ્યો. પ્રો. ભાંડારકર એમ માને છે કે સ્કંદ પુરાણના નાગર ખંડમાં જણાવેલ મંકણ ઋષિ આજ મંકણ હતો. એનું પુરૂં નામ મયૂર શર્મા. એ પરાક્રમી હતો. દક્ષિણ તરફ એણે પ્રયાણ કર્યું. તે વડનગરમાં રોકાયો અને નાગરોને કદંબો અને પલ્લવીના ત્રાસ થી મુક્ત કર્યા. નાગરોને નાગલોકો હેરાન કરતા હતા. ઋષિ મંકણે ત્યા તપ કર્યું । સિદ્ધિરૂપે તેના હાથમાં થી રસ ઝરવા લાગ્યો. ભગવાન શંકર પ્રસન્ન થયા ને નાગ લોકોનો પરાજય કર્યો. કન્હૈયાલાલ ભાઈશંકર દવે પોતાના વડનગર નામના પુસ્તકમાં પ્રાચીન પ્રસિદ્ધ પુરૂષ ઉવટનો ઉલ્લેખ કરે છે. તેની સમયરેખા અગિયારમી સદી નોંધાઈ છે. મમ્મટના બે ભાઈઓમાંથી એકનું નામ ઉવટ હતું । ઉવટે પોતાના સંબંધમાં પોતાના વાજસનેય સંહિતા ભાષ્યમાં લખ્યું છે કે :

આનંદુપ્વાસ્ત્ય વજરાટાવ્યસ્ય સૂનુના
મન્જાભાષ્યર્ગમિદ કલ્વજાં
ભોજો પૃથ્વી પ્રાશાસતિ
આ આનંદપુર તે વડનગર. એને ભોજાના દરબારમાં ઊંચુ સ્થાન મળ્યું. ઉવટ બજાર નામે વડનગરવાસી નાગરનો પુત્ર હતો. આ હિસાબે મમ્મટ પણ નાગર હતો. ભોમેશ્વર દેવ કીર્તિકૌમુદીનો લેખક હતો કવિ હતો. ચાલુક્ય વંશનો રાજપુરોહિત હતો. એણે સુરતોત્સવ નામનું ૧૫ સર્ગનું ગૌડી શૈલીમાં મહાકાવ્ય લખ્યું છે. કીર્તિકૌમુદી વૈદર્ભી શૈલીનું નવસર્ગ કાવ્ય છે. એમાં અણહિલપુર પાટણનું વર્ણન છે. તે વડનગરનિવાસી નાગર હતો. એક નાગર વિદ્વાન નાનાક હતો. કોઈ એને વિસનગરનો પણ કહે છે. ગુજરાતના પ્રાચીન ઇતિહાસમાં તેને મળ આનંદપુર (વડનગર) નો નાગર બ્રાહ્મણ હોવા નું સ્વીકારાયું છે. એ વેદ, વેદાંત, સાહિત્ય, અલંકાર શાસ્ત્ર અને બીજા શાસ્ત્રોનો વિદ્વાન હતો. વિશળ દેવનો પ્રીતિપાત્ર હતો. એણે તરંગિણી, ચતુર્દિશા જેવા પ્રબન્ધોને પ્રશસ્તિ કાવ્યો રચ્યાં છે. પાટણમાં એણે સારસ્વત સદન પાઠશાળા સ્થાપી હતી. નાગરોનું તે સમયે ઘણું માન હતું. સ્વર્ગસ્થ મોતીચંદજીએ કાશીનો ઇતિહાસ લખ્યો છે. એમાં પ્રશ્નોતરી છે. નાગર બ્રાહ્મણો જ્યારે કાશીમાં આવતા ત્યારે તેમને પૂછવામાં આવતું અને જવાબ મળતો.

પ્રશ્ન જવાબ

૧) વિદ્વન! વારાણસ્યા ગંગાતીરે
૨) કસ્મિન દાનમ્ દ્વિજવર વંશે નાગર જાતોં
૩) કુત્ર વિવાહ આદર્શ વિવાહ

કાશ્મીરની નાગર ઘાટી, મહાભારતમાં વર્ણિત લદાખનો હાટક પ્રદેશ, રામાયણમાં ઉલ્લિખત નાગલોક અને પાતાલલોક આ બધાનો સંબંધ નાગારો સાથે જોડવામાં આવે છે. નાગરોના ઇષ્ટદેવ હાટકેશ્વર અને ઇષ્ટદેવી માતા ગૌરી, અન્નપૂર્ણા, એટલે નાગરો શિવશક્તિ પૂજક રહ્યા છે અને નાગરોનો વધારે પડતો સંબંધ શૈવક્ષેત્ર સાથ રહ્યો છે. નાગર સંસ્કૃતિના ઉદ્ગમ સ્થળો કૈલાશ અને માનસરોવર. આપણી વિવાહ પધ્ધતિ આપણી શૈવ સંસ્કૃતિનું પ્રમાણ છે. આપણી જ્ઞાતિમાં વર શિવરૂપ ગણાય છે અને કન્યા પાર્વતીરૂપ ગણાય છે. એટલે નાગર સંસ્કૃતિને શિવ–શક્તિ સંસ્કૃતિ કહી શકાય. એ સંસ્કૃતિ એટલે યોગ અને યોગ શક્તિનો સમન્વય. નાગરોનાં જીવનનો ધ્યેય શિવત્વ અને શક્તિ. શક્તિ ભલે વૈભવની હોય, બુધ્ધિની હોય, સંસ્કારિતાની હોય કે રાજશક્તિ હોય કે યોગશક્તિ હોય. માતા પાલન કરે અને સર્જન કરે અને શિવત્વ જીવનમાં અધ્યાત્મનો આત્મપ્રકાશ ભરે. નાગરોની દિનચર્યામાં યમ અને નિયમ જોવા મળે. જ્ઞાન એ નાગરોની પૂંજી, સાધના નાગરોની સંસ્કૃતિ, નાગરિકતા નાગરોની સભ્યતા. નાગર એટલે નિત્યસાધક. નાગરનો જગત્ વ્યવહાર અને ગૃહસ્થાશ્રમ પણ શિવશક્તિની આરાધના જ હોય. વડનગરથી વિખેરાયા તે પછી હાટકેશ્વરના આ પુત્રો એ વ્યાપાર શિક્ષા, સાહિત્ય અને ખેતીના ક્ષેત્રે પોતાની સાખ જમાવી અને પોતાની બુધ્ધિના બળના પ્રતાપે રાજનીતિ ક્ષેત્રમાં એટલી બધી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી કે શ્રી ગૌરીશંકર ઓઝા જીવનીમાં લખ્યું ને લખવું પડયું

They (Nagars) are by profession & corpse diplomatique and devoted to the arts of your, a shrwed race. They work their way into every Diretion by their ability and fact.

વાગડ પ્રદેશમાં નાગરો વધારે પડતા ઈડરને માર્ગે આવ્યા. ડુંગરપુર અને વાંસવાડામાં પ્રત્યેકમાં અઢારમી સદીમાં ત્રણસો થી સવ્વા ત્રણસો પરિવાર હશે. વિ.સં. ૧૭૭૬ માં મરાઠા અને મુગલોના આક્રમણોના કારણે ડુંગરપુર રજવાડાનો ખજાનો ખાલી થઈ ગયો. ડુંગરપુરના મહારાવળે નાગરોને કર આપવા દબાણ કર્યું. પરિણામે નાગરો અને મહારવળ વચ્ચે વિખવાદ ઊભો થયો. પરિણામે ડુંગરપુરના બધા નાગર પરિવાર ડુંગરપુર છોડીને બવંસવાડે આવી ગયા. ડુંગરપુરથી આવેલા એટલે ડુંગરપરા કહેવાયા. શ્રી પંડિત કરૂણાશંકર જીના કહેવા પ્રમાણે વાંસવાડામાં નાગરોની સાત પોળ હતી. આજની નવી આબાદી કે જેને પહરૂણાવિનાયકપૂરા કહેતા

હતા તે પૂરૂં ક્ષેત્ર નાગારો થી વસેલું હતું. આજના સુથારવાડામાં પણ નાગારો વસેલા હતા. વાંસવાડાના મહારાવળે નાગારોને ખાસ સગવડો આપી હતી. તેનું તાંબાપત્ર ચાલીસમા દશક સુધી તો હતું. હવે મળતું નથી. આ પ્રમાણે સ્કંદપુરાણમાં વર્ણિત ગુપ્ત ગંગારૂપે વર્ણિત માહી ગંગાના વાગવર પ્રદેશમાં નાગારોની પાવન પ્રભાનો ઉન્મેષ થયો. ભગવાન હાટકેશ્વર વાગ્વરની ઘરાને ધન્ય કરી છે. કેટકેટલા શ્રદ્ધાસુમન આશુતોષ ભગવાન ઉપર ચઢયાં છે. નાગારોએ સાહિત્ય અને રાજનીતિના ક્ષેત્રોમાં મોતી વિખેર્યાં છે. ઈશ્વરને શ્રદ્ધા પૂર્ણ સમર્પણ અને આસ્થા, મન અને વાણીની શુદ્ધતાની અને ભાવનાઓની ઉન્મેષ યતાં ભક્ત નરસિંહ અને ભક્ત દુર્લભ અને ગવરીબાઈની વાણીનું રસાસ્વાદન કર્યું. ઉદારતાની સાથે આત્મસમ્માન નું રક્ષણ આત્મવિશ્વાસ, સૌંદર્ય ચેતના, શ્રેષ્ઠ પારિવારિક જીવન, નાગર સંસ્કૃતિનાં લક્ષણો છે. જ્ઞાતિવાદને આજ માત્ર સામાજિક દોષરૂપે માનવામાં આવે છે. ખરી રીતે જોતાં જ્ઞાતિવાદ એક વિશિષ્ટ જીવન પધ્ધતિ છે. એક પોતાની વિશિષ્ટ વિચારધારા છે. જીવનની દિશા છે. પ્રણાલી છે. આપણે જો વાદ પણ માનીએ તો વાદે વાદે જાયતે તત્વબોધના રૂપે એને વાદ માની શકાય. વિભિન્ન જાતિઓ જાણે કે નાનાં નાનાં ઝરણોં હતાં. જે ભારતીય સમાજરૂપી ગંગામાં મળતા હતા અને વિશ્વસ્વરૂપમાં લીન થતાં હતાં. જાતિઓ હતી પણ સાથે જાતિગત સામન્જસ્ય હતું સામાજિક સુરક્ષા હતી. આજના વ્યક્તિવાદ અને સ્વાર્થવાદ જેટલો ભયંકર શત્રુ જ્ઞાતિવાદ નહોતો. નાગારોનું સન્માન હતું. સંસ્કૃતિ એ તો અંતરનાં અજવાળા, અંતરથી પ્રગટેલું અનુભૂતિજન્ય જ્ઞાન. જે હિતકારી હોય તે સંસ્કૃતિ. જે શ્રેયસ ને આરાધે, ધર્મ દર્શન, પરંપરા વ્યવહાર અને સદગુણોં એ સંસ્કારની અભિવ્યક્તિ. ભવન વાહન સમસ્ત વૈજ્ઞાનિક ઉપકરણની ઉપલબ્ધિ ઝાક, ધમાલ, ફેશન, કીર્તિની અભિલાષા, અત્યધિક મનોરંજન એ સભ્યતા. જેમ મૈથિલીશરણ ગુપ્ત કહે છે. જિસકો ન નિજ જાતિ કા ગૌરવ તથા અભિમાન હૈ । વહ નર નહી નિરા પશુ ઔર મૃતક સમાન હૈ જે નાગર સંસ્કૃતિ અમને વારસામાં મળી છે તેનું આરોહણ ભલે ન થૅ શકે પણ અધ:પતન તો ન થવું જોઈએ. પંડિત વાસુદેવ શાસ્ત્રી (ઉજ્જૈન) નાગારો માટે લખે છે.

નાગરા:સ્વગુણોત્કર્ષાઃ શીલાચાર સમન્વિતા। સંસ્કૃતિ સંસ્કૃત દક્ષાઃ સમુન્જાતિ પરાયણા। પોતાના ગુણોના આધારે જે ઉત્કર્ષ સાધે, જે વ્યવહારમાં શીલવાન હોય જે સંસ્કૃતિના સંરક્ષણમાં અને સંસ્કૃતના ક્ષેત્રે દક્ષ હોય તે નાગર. એવા નાગરને માટે નરસૈયો કહે છે. ધન ધન એના માતાપિતા ને સફલ કરી એણે કાયા રે ।

જે લોક કલ્યાણ માટે સમસ્ત ન્યૌછાવર કરી શકે, નીલકંઠનો

ભક્ત નાગર વિષ પીને અમૃત બીજાને પાઈ શકે, લોક કલ્યાણ નો ચિંતક તે નાગર. કોરૂં અભિમાન નહી, આત્મપ્રશંસા નહી પણ યથાર્થનું નિરીક્ષણ અને સુંદર ભવિષ્યનું નિર્માણ, નાગર માતાઓ અને બહેનો સાક્ષાત્ લક્ષ્મી

સ્કંદપૂરાણ અને જાતિભાસ્કર ગ્રંથ (જ્વાલાપ્રસાદ મિશ્ર રચિત) નાગારોનાં ત્રણ પ્રતીકો દર્શાવે છે

૧) કલમ ૨) કડછી ૩) બડછી

કલમ : સાધારણ અર્થમાં લઈએ તો કમલનો અર્થ થાય બુદ્ધિ, સાહિત્ય સર્જન, વિચાર ગાંભીર્ય અને પ્રશાસનિક કુશલતા. અહીં બુદ્ધિનો અર્થ સંકુચિત નથી. બુદ્ધિ ચાતુર્ય અને વિવેકની સાથે એ બુદ્ધિ જે અવ્યભિચારિણી હોય, જે વિષયોમાં ભટકે નહી પણ પોતાનાં અંતરનાં અજવાળા શોધે, જે જ્ઞાનમાર્ગ પ્રત્યે વળે એવી બુદ્ધિ કમલ અટલે જ્ઞાન અને વિજ્ઞાન. કલમ જે જગત નું કલ્યાણ કરે, નાગરની કલમે અભિવ્યંક્ત થયેલી વાત શ્રેયસ્કર હોય, જ્ઞાન, કલા અને સૌંદર્યની ઉપાસના એ કલમ.

કડછી : કડછીનો સાધારણ અર્થ પાકશાસ્ત્રમાં નાગર સ્ત્રી-પુરૂષોની પ્રવીણતા, શુદ્ધ સ્નિગ્ધ, ઉત્કૃષ, બલપ્રદ, સુસ્વાદ ભોજન એ નાગારોની

વિશેષતા. આ તો આપણે નાગર સભ્યતાની દ્રષ્ટિએ અર્થ કર્યો. હવે સંસ્કૃતિની દ્રષ્ટિએ જોડીયે, કડછી શું કરે ? બે કામ કરે ૧) દાળ ભાત શાક ને હલાવે ને મથે ૨) પછી દાળ શાક પીરસે. આ બે કામ નાગરોને કરવા પડે. જેમ કડછી દાળ હલાવે તેમ નાગર સંસારને હલાવે, મથે, અને પછી પીરસે અન્ન પણ પીરસે ને જ્ઞાન પણ પીરસે. બીજાને ખવરાવવુંએ કડછીનું કામ. નાગર પોતાના માટે ન રાંધે. ઈશ્વર માટે ઈશ્વરની સંતાન માટે રાંધે. દીન દુખિયાની ભુખ્યાની મદદ કરે તે નાગર. ટૂંકમાં યજ્ઞ-શિષ્ટાશિનો ભુંક્તે.

બડછી : સોમનાથની રક્ષા માટે નાગરો લડયા અને ધર્મ અને માતૃભૂમિ માટે પ્રાણ આપ્યા. અકબરે હુમલો કર્યો ત્યારે લડયા. નાગ લોકો, ગુર્જરો અને સુલતાન કુતુબુદીન સાથે લડયા. આ પ્રમાણે વીરતા, શૌર્ય, સાહસ અને વ્યૂહ રચનામાં નાગર પ્રવીણ હતા. આ શૌર્ય અને સાહસ પોતાના માટે નહીં પણ ધર્મ અને દેશના રક્ષણ માટે હતું. આત્મરક્ષણ અને તેની સાથે દુર્જનોથી નિર્બલોની રક્ષા કરવાનું સાહસ તે બડછી

નાગરો ની સમસ્ત સંસ્કૃતિ આ ત્રણ પ્રતીકો માં સમાયલી છે. નાગરોમાં વિચાર આચરણ અને સંવેદના નો સમન્વય હોય. આજ પુરૂષ તો શું નાગરાણીઓ પણ પોતાની અસ્મિતાને ભૂલી રહી છે. આજ ક્યાં છે માતાનું દૂધ અને માતાના હાથનું અમૃત ઝરતુ ભોજન. નાગર સૌંદર્ય અને કલાનાં ઉપાસક, સંગીતના પુજારી છે. નાગર સ્ત્રીઓની રંગોળી ચિત્ત ચોરી લે એના મધુર કંઠમાંથી નીકળતું ગાન માનવી ને ધ્યાનસ્થ બનાવી દે. એ કલા અને સૌદર્યની સાધના આજ લુપ્ત થઈ રહી છે. પોતાના શ્રેષ્ઠ આચરણ અને શુદ્ધતાથી જીવન ગાળતો નાગર હાટકેશ્વરનો ભક્ત પોતાના અહંકારની આહુતિ આપીને સમાજને સ્નેહ અર્પણ કરે છે. હાટકેશ્વર નાગરના ઈષ્ટ દેવ

પાતાલે સંસ્થિતમ્ દેવમ્ નમામિ હાટકેશ્વર હાટક એટલે એશ્વર્ય શ્રી, કેવલ ધન નહીં, સોનું નહીં, જે શ્રી અને ઐશ્વર્ય પ્રદાન કરે તે શિવ હાટકેશ્વર. જગાજ્જનનીમાં પાર્વતી, ત્રિપુર સુંદરી, ગૌરી નાગરની ઈષ્ટ આરાધ્ય દેવી. નાગર શિવ અને શક્તિ બંને આરાધે. શક્તિ દ્વારા જગતમાં કલ્યાણ માર્ગે વિચરતો શિવત્વના માર્ગનો પથિક એ નાગર.

**શંકરલાલ ત્રિવેદી**

## ચાર પ્રકારના હાટકેશ્વર મંદિર

૧) નાગર જ્ઞાતિ દ્વારા સ્થાપિત તથા પ્રાણપ્રતિષ્ઠિત (૨) રજવાડાં દ્વારા સ્થાપિત તથા પ્રાણપ્રતિષ્ઠત (૩) કૌટુંબિક સ્થાપિત તથા પ્રાણપ્રતિષ્ઠિત (૩) કૌટુંબિક સ્થાપિત તથા પ્રાણપ્રતિષ્ઠિત (૪) રાજા કે અન્યો દ્વારા ભેટમાં મળેલ સ્વીકારેલ પુનઃનામાભિધાન થયેલ હાટકેશ્વર મંદિર.
જેમાં સામખિયાળી રાજકોટ તથા સુરતના હાટકેશ્વર મંદિરોનો સમાવેશ થાય છે.
પૌરાણિક કથાઓ દંતકથાઓ વિગેરેમાં શિવજીને અર્ધનારી - નટેશ્વર નામથી વર્ણવવામાં આવ્યા છે. ચિત્રકાર અને શિલ્પીઓએ તેમની કલ્પના અનુસાર અર્ધનારી - અર્ધનરના રૂપના શિવજીના મનોહર ચિત્રો - શિલ્પો બનાવ્યા છે. આ માત્ર દંતકથા નથી વિજ્ઞાને પણ આ બાબતને સમર્થન આપ્યું છે. જીનેટીકલી જોઈએ તો પુરુષના શરીરમાં સ્ત્રીના અને સ્ત્રીના શરીરમાં પુરૂષના હોર્મોન્સ આવેલા છે.

આમ વૈજ્ઞાનિક દષ્ટિથી જોઈએ તો થાળો સ્ત્રીલિંગ અને મધ્યમાં રહેલ શિવલીંગ પુલ્લિંગની પ્રતિકૃતિ સમાન છે.

**વાચકોને...**

**શું આપ નાગર મંજૂષામાં પોતાની કૃતિ / લેખ / રચના મોકલવા ઈચ્છો છો ? તો....**

**૧. જ્ઞાતિબંધુઓને નમ્ર વિનંતી કે પોતાની કૃતિ સુઘડ અને સુવાચ્ય અક્ષરોમાં કોરા કાગળની એક બાજુએ લખી મોકલવી.**

**૨. કૃતિ મોકલનારે પોતાનું નામ, સરનામું, ઉંમર તથા ફોન નંબર કૃતિની નીચે જરૂરથી લખી મોકલવા વિનંતી.**

**૩. કૃતિની પસંદગી તથા સંકલનની જવાબદારી સંપૂર્ણપણે તંત્રીની રહેશે.**


**૪. કૃતિ મોકલવાનું સરનામું :**

**સુહાની દીક્ષિત**
સી–૧/૭૦૩, કેસર કો.ઓ.સોસાયટી, ચારકોપ,
કાંદિવલી (વેસ્ટ), મુંબઈ ૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨–૨૮૬૯૨૧૫૦

**દીના વચ્છરાજાની**
બી–હાર્મની, ચારકોપ વિલેજ, કાંદિવલી (વેસ્ટ),
મુંબઈ – ૪૦૦ ૦૬૭.
ફોન : ૦૨૨–૨૮૬૮૨૨૯૭

**DISCLAIMER :**

**આ સામયિકમાં પ્રકાશિત દરેક લખાણની જવાબદારી લેખકની પોતાની રહેશે.**




श्री सिद्धिदात्री
श्री महागौरी
श्री कालरात्री
श्री शैलपुत्री
श्री कात्यायनी
श्री चंद्रघंटा
श्री कुष्माण्डा
श्री स्कन्दमाता

